dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 19 | AD - 2024, Aaso Vad -02 | Saturday, Dt.19-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### કેન્દ્ર અને રાજ્ય સરકારોએ ઘૂસણખોરોની ઓળખ, શોધ અને દેશનિકાલ ઝડપી બનાવવો જોઈએ : સુપ્રીમ કોર્ટ

# ૧૯૭૧ પછી આસામમાં આવેલા બાંગ્લાદેશીઓને હાંકી કાઢવા 'સુપ્રીમ' આદેશ

**NRC અપડેટ અને ઘૂસણખોરોને બહાર કાઢવાની પ્રક્રિયા પર નજર રાખશે**

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૮

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે કહ્યું છે કે ૨૪ માર્ચ ૧૯૭૧ પછી આસામમાં આવેલા તમામ બાંગ્લાદેશીઓ ઘૂસણખોર છે અને તેમને વહેલી તકે હાંકી કાઢવા જોઈએ. કોર્ટે એમ પણ કહ્યું છે કે બાંગ્લાદેશીઓને નાગરિકતા આપવા અંગે આસામ કરાર માટે નાગરિકતા અધિનિયમ, ૧૯૫૫ની કલમ ૬Aની વિશેષ જોગવાઈ માન્ય છે. સુપ્રીમ કોર્ટના પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે કહ્યું કે એનઆરસી ડેટા અપડેટ કરીને બાંગ્લાદેશી ઘૂસણખોરોની ઓળખ અને દેશનિકાલ માટે નક્કર વ્યવસ્થા હોવી જોઈએ. આના પર, આસામના ભૂતપૂર્વ NRC સંયોજકે આશંકા વ્યક્ત કરી કે ઘૂસણખોરો નકલી દસ્તાવેજો બતાવીને NRC અપડેટમાં તેમના નામ ઉમેરશે અને કોઈને દૂર કરવામાં આવશે નહીં. જોકે, સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે તે NRC અપડેટ અને ઘૂસણખોરોને બહાર કાઢવાની પ્રક્રિયા પર નજર રાખશે.

હકીકતમાં, એક મહત્વપૂર્ણ નિર્ણયમાં, સુપ્રીમ કોર્ટે ૨૫ માર્ચ, ૧૯૭૧ ના રોજ અથવા તે પછી આસામમાં આવેલા તમામ બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સને ગેરકાયદેસર જાહેર કર્યા છે. કોર્ટે કહ્યું છે કે આ સ્થળાંતર કરનારાઓએ રાજ્યની સંસ્કૃતિ અને વસ્તી વિષયક પર ગંભીર પ્રતિકૂળ અસર કરી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોએ તેમની ઓળખ, શોધ અને દેશનિકાલ ઝડપી બનાવવો જોઈએ.



આ નિર્ણય સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બેન્ચે ચાર-એકની બહુમતી સાથે આપ્યો હતો. બેન્ચે નાગરિકતા કાયદાની કલમ ૬Aની માન્યતાને સમર્થન આપ્યું હતું. ૧૫ ઓગસ્ટ ૧૯૮૫ના રોજ અમલમાં આવેલા આસામ એકોર્ડ અનુસાર આ વિભાગ ડિસેમ્બર ૧૯૮૫માં રજૂ કરવામાં આવ્યો હતો. તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધી સરકાર અને આસામના વિદ્યાર્થી સંગઠનો વચ્ચે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા જેઓ બાંગ્લાદેશીઓના મોટા પાયે ગેરકાયદેસર ધસારા સામે આંદોલન કરી રહ્યા હતા. સેક્શન ૬A ને સુપ્રીમ કોર્ટમાં એ આધાર પર પડકારવામાં આવ્યો હતો કે તે નાગરિકતા આપવા માટે બંધારણમાં નિર્ધારિત તારીખથી વિચલિત થાય છે.

સુપ્રીમ કોર્ટે તેના નિર્ણયમાં સ્પષ્ટ કર્યું છે કે નાગરિકતા અધિનિયમ, ૧૯૫૫ની કલમ ૬A હેઠળ, ૧ જાન્યુઆરી, ૧૯૬૬ પહેલા આસામમાં પ્રવેશેલા બાંગ્લાદેશીઓને ભારતીય નાગરિક ગણવામાં આવશે. તેમાં સ્પષ્ટપણે એમ પણ કહેવામાં આવ્યું છે કે ૧ જાન્યુઆરી, ૧૯૬૬થી ૨૪ માર્ચ, ૧૯૭૧ની વચ્ચે જે લોકો રાજ્યમાં આવ્યા હતા, તેમને અમુક શરતોને આધીન ૧૦ વર્ષ પછી જ નાગરિકતા આપવામાં આવશે. ૨૫ માર્ચ, ૧૯૭૧ના રોજ અથવા તે પછી આસામમાં પ્રવેશેલા વસાહતીઓ કલમ ૬A હેઠળ આપવામાં આવેલ રક્ષણ મેળવવા માટે હકદાર નથી. પરિણામે, તેઓને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ જાહેર કરવામાં આવે છે. તદનુસાર, ૨૫ માર્ચ, ૧૯૭૧ ના રોજ અથવા તે પછી આસામમાં પ્રવેશેલા ઈમિગ્રન્ટ્સ માટે કલમ ૬A બિનજરૂરી બની ગઈ છે. બાંગ્લાદેશી ઘૂસણખોરી પર સુપ્રીમ કોર્ટનો નિર્ણય આસામ માટે નિરાશાજનક અને ભયંકર છે. ભાજપની આગેવાની હેઠળની રાજ્ય સરકારે NRCની વ્યાપક સમીક્ષા માટે સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો ન હતો.

આ પહેલા પણ જે વિદેશીઓના નામ ખોટા સર્ટિફિકેટના આધારે અપડેટ કરાયેલી નાગરિકતા યાદીમાં કથિત રીતે સામેલ કરવામાં આવ્યા હતા તેઓ નાગરિકતા મેળવી શકે છે. એવી આશંકા છે કે લાખો વિદેશીઓના નામ ધરાવતા હાલના NRCને હવે અંતિમ દસ્તાવેજ જાહેર કરવામાં આવશે.

# વિશ્વમાં સૌથી વધુ ગરીબ ભારતમાં, ૨૩.૪ કરોડ લોકો અત્યંત ગરીબીમાં જીવે છે : રિપોર્ટ

નવીદિલ્હી,તા.૧૮

સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ, યુએનડીપી, ઓક્સફોર્ડ પોવર્ટી અને હ્યુમન ડેવલપમેન્ટ ઈનિશિયેટિવ, આ ત્રણ સંસ્થા બહુઆયામી ગરીબી સૂચકાંક રિપોર્ટ રજૂ કરે છે. રિપોર્ટમાં ૧૧૨ દેશોમાંથી ૬.૩ અબજ લોકો સંઘર્ષ અને ગરીબી વચ્ચે ઝઝૂમી રહ્યા છે. ગરીબી સૂચકાંક મુજબ વિશ્વમાં ૧ અબજથી વધુ લોકો અત્યંત ગરીબી હેઠળ જીવી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રના આ નવા રિપોર્ટ પ્રમાણે દુનિયામાં ૧ અબજથી વધુ લોકો અતિ ગરીબીમાં જીવી રહ્યા છે. રિપોર્ટ મુજબ સૌથી વધુ ગરીબ લોકો ભારતમાં છે, તેની ૧૪૦ કરોડની વસ્તીમાંથી ૨૩.૪ કરોડ લોકો અત્યંત ગરીબીમાં જીવી રહ્યા છે. પાડોશી દેશ પાકિસ્તાન, ઈથોપિયા, નાઈજીરિયા અને કોંગો ડેમોક્રેટિક રિપબ્લિકમાં ભારત કરતા ઓછી ગરીબી છે. આ પાંચ દેશોમાં મળી દુનિયાના ૧.૧ અબજ ગરીબો પૈકી અર્ધો અર્ધ ભાગના એટલે કે આશરે ૫૫.૫ કરોડ લોકો ગરીબની હેઠળ જીવી રહ્યા છે. તેના પરિણામે અસામાન્ય સંખ્યામાં લોકો વિસ્થાપિત થયા છે, તેમનાં જીવન અને આજીવિકા ઉપર વ્યાપક પ્રભાવ પડી રહ્યો છે. રિપોર્ટ જણાવે છે કે ૧૮ વર્ષથી ઓછી વયના ૫૮.૪ કરોડ બાળકો અત્યંત ગરીબીનો સામનો કરી રહ્યાં છે. જે આંક દુનિયાના કુલ બાળકોના ૨૭.૯ ટકા જેટલો થવા જાય છે. જ્યારે વયસ્કોમાં તે આંક ૧૩.૫ ટકા છે.

# પાકિસ્તાનથી ડ્રોન મારફતે ભારતમાં આરડીએક્સ ઘુસાડવાનું કાવતરૂ



(એ.આર.એલ),ચંડીગઢ,તા.૧૮

દિવાળીના અવસર પર પંજાબ અને ચંદીગઢમાં મોટા ધડાકા કરવાના કાવતરાને બોર્ડર સિક્યોરિટી ફોર્સે નિષ્ફળ બનાવ્યો હતો. ગુરુવારે, BSFએ ફાઝિલ્કા બોર્ડર પર અબોહરના બહાદુરકે ગામમાં પાકિસ્તાનથી ડ્રોન દ્વારા મોકલવામાં આવેલ એક કિલોગ્રામ RDX, બેટરી અને ટાઈમર લોડેડ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ જપ્ત કર્યું હતું.

પંજાબ બીએસએફ ફ્રન્ટિયરના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે આઈઈડી સંપૂર્ણ લોડ હોવાનો અર્થ એ છે કે પંજાબ અને ચંદીગઢમાં કોઈ મહત્વપૂર્ણ સ્થાન પર ટૂંક સમયમાં આતંકવાદી હુમલો કરવામાં આવનાર હતો. ચંદીગઢમાં હેન્ડ ગ્રેનેડ હુમલા બાદથી બીએસએફ, પંજાબ પોલીસ અને અન્ય એજન્સીઓને ગુપ્તચર એજન્સીઓ પાસેથી સતત આવી માહિતી મળી રહી હતી.












# લાઠી તાલુકા શિક્ષક સંઘ દ્વારા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર વ્યક્ત કરાયો

અમરેલી, તા.૧૮



અમરેલી જિલ્લાના લાઠી-બાબરા વિધાનસભા ક્ષેત્રમાં શિક્ષકોના લાંબા સમયથી પડતર પ્રશ્નોનો નિકાલ આવતા શિક્ષક સમુદાયમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. રાજ્ય સરકારે ફિક્સ પગારના શિક્ષકો સહિતના કર્મચારીઓને જૂની પેન્શન યોજના અને છઠ્ઠા પગાર પંચમાં સમાવવાનો નિર્ણય લેતા, લાઠી તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘે સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર વ્યક્ત કર્યો છે. નોંધનીય છે કે, ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ શિક્ષકોની માંગણીઓને રાજ્ય સરકાર સુધી પહોંચાડી હતી. સરકારે કેબિનેટ બેઠકમાં ચર્ચા કરી શિક્ષકોના હિતમાં નિર્ણય લીધો. જેના કારણે ફિક્સ પગારના શિક્ષકો અને અન્ય કર્મચારીઓને જૂની પેન્શન યોજના અને છઠ્ઠા પગાર પંચનો લાભ મળશે.

# ધારી ગ્રામ પંચાયતે SBI બેંકને જપ્તીની નોટિસ આપતા ખળભળાટ

ધારી, તા.૧૮




ધારી ગ્રામ પંચાયતના સેક્રેટરી યશપાલસિંહ પરમારે તારીખ ૧૮ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ની ધારી શાખાને જપ્તીની નોટિસ આપી છે. જો આગામી તારીખ ૨૩ ઓક્ટોબર, ૨૦૨૪ સુધીમાં બેંક ગ્રામ પંચાયતના બાકી કરવેરા ન ભરે તો બેંકની મિલકત જપ્ત કરવામાં આવશે. નોટિસ અનુસાર, SBI પાસેથી ધારી ગ્રામ પંચાયતના કરવેરા પેટે રૂા. ૧૨,૮૩,૭૩૧ની રકમ લેવાની બાકી છે. જો બેંક ૨૩ ઓક્ટો. પહેલાં આ રકમ ચૂકવી દે તો તેમને માત્ર આટલી જ રકમ ભરવાની રહેશે. પરંતુ જો આ તારીખ પછી રકમ ભરવામાં આવશે તો રૂા. ૨,૫૬,૭૪૬ પેનલ્ટી તરીકે ઉમેરાશે, જેથી કુલ રૂા.૧૫,૫૩,૩૧૪ની રકમ SBI પાસેથી વસૂલવામાં આવશે.

# મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજની વિદ્યાર્થિની રાષ્ટ્રીય રાઈફલ શૂટીંગ સ્પર્ધા માટે ચંદીગઢ જશે

અમરેલી, તા.૧૮



અમરેલી શહેરની એકમાત્ર ગ્રાન્ટેડ મહિલા કોલેજ અને છેલ્લા ૩૩ વર્ષથી કાર્યરત મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજમાં એસ.વાય.બી.એ. સેમ. ૦૩માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સોલંકી સુહાના ગિરધરભાઈ તા. ૧૬/૧૦ ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી-રાજકોટ ખાતે યોજાયેલ ૧૦ મીટર એર રાઈફલ શૂટીંગ સ્પર્ધામાં ત્રીજો રેન્ક મેળવી વિજેતા બનેલ છે. હવે તે ચંદીગઢ મુકામે યુનિવર્સિટી વતી નેશનલ કક્ષાએ ભાગ લેવા જશે.

# રાજુલા પોલીસ સ્ટેશનનાં મહિલા કર્મચારીનું સન્માન કરવામાં આવ્યું

અમરેલી, તા.૧૮



અમરેલી જિલ્લાનાં પોલીસ સ્ટેશનમાં મહિલા કર્મચારીઓ પણ પોતાની ઉત્કૃષ્ટ ફરજ બજાવતા હોવાથી મહિલા કર્મચારીઓની આ ફરજની નોંધ લઈ ગૃહ રાજયમંત્રી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતાં. રાજુલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા ભારતીબેન પરમાર/વેગડા ઉત્કૃષ્ટ કામગીરી કરતાં હોવાથી રેન્જ આઈજી ગૌતમ પરમાર, વિધાનસભાનાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા તથા જિલ્લા પોલીસ વડા હિમકર સિંહની ઉપસ્થિતિમાં રાજયનાં ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. ભારતીબેનનું સન્માન થતાં તેમના પરિવારજનો અને પોલીસ બેડામાં ખુશીની લાગણી પ્રસરી જવા પામી હતી.

# અમરેલી જિલ્લા જેલ ખાતે વિપશ્યના પરિચય શિબિરનું આયોજન કરાયું

અમરેલી,તા.૧૮

અમરેલી જિલ્લા જજ રિઝવાના બુખારીએ અમરેલી જિલ્લા જેલ ખાતે વિપશ્યના પરિચય શિબિર કરવાની પ્રેરણા આપી હતી. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી આર. વાય.ત્રિવેદી તથા જેલ અધિક્ષક ડી.પી.રબારીએ જહેમત ઉઠાવીને અમરેલી જેલ ખાતે વિપશ્યના પરિચય શિબિરનું આયોજન હાથ ધર્યુ હતું. અમરેલી વિપશ્યના કેન્દ્રના માર્ગદર્શક દ્વારકાદાસ લલાડીયાએ જિલ્લા જેલ ખાતે સદર શિબિરમાં વિપશ્યના અંગે વિસ્તૃત વિગતો આપી હતી. આશરે ૩૦૦ જેટલા કેદીઓએ આ સાધનાનો લાભ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન કેદીઓને 'ડોક્ટરની દ્રષ્ટિએ વિપશ્યના' પુસ્તકનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

# સા.કુંડલા માનવ મંદિર આશ્રમમાં મનોરોગી બહેનોનો રાસ-ગરબા મહોત્સવ

સાવરકુંડલા, તા.૧૮



સાવરકુંડલાના માનવ મંદિર આશ્રમ ખાતે શરદપૂર્ણિમા નિમિત્તે મનોરોગી દીકરીઓનો ઐતિહાસિક રાસ-ગરબા કાર્યક્રમ યોજાયો હતો. આ વિશેષ કાર્યક્રમમાં ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અધ્યક્ષસ્થાને હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં વિશિષ્ટ મહેમાનો તરીકે અમરેલી એસ.પી. હિમકરસિંહ, અમરીશ ડેર, લોકસાહિત્યકાર મનસુખ વસોયા, નગરપાલિકા પ્રમુખ મેહુલ ત્રિવેદી, અમરેલી જિલ્લા ભાજપ ડાયમંડ સેલના પ્રમુખ ઘનશ્યામ ડોબરીયા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. માનવ મંદિર આશ્રમમાં છેલ્લા ૧૨ વર્ષથી મનોરોગી દીકરીઓની સેવા કરવામાં આવે છે. આ પ્રસંગે અમરેલીના પ્રખ્યાત મનોચિકિત્સક ડૉ. વિવેક જોશી અને ચંદ્રેશ બાબરીયા પણ હાજર રહ્યા હતા. રાજકોટ, જામનગર, અમરેલી અને સાવરકુંડલા સહિતના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં મહિલાઓએ હાજરી આપી હતી. મનોરોગી બહેનો સાથે મહેમાનોએ રાસ-ગરબામાં ભાગ લીધો હતો. અમરેલીના રાહુલ બારોટની ઓર્કેસ્ટ્રા દ્વારા વિનામૂલ્યે સંગીત પૂરું પાડવામાં આવ્યું હતું. આ દરમિયાન ઈફકો ચેરમેન દિલીપભાઈ સંઘાણી દ્વારા ભોજન પ્રસાદ અને દૂધ-પૌંઆનો સહકાર આપવામાં આવ્યો હતો. અંશુ ગુપ્તાએ સુંદર રાસ-ગરબા, કથક નૃત્ય અને ગરબા ગાઈને કાર્યક્રમને વધુ આકર્ષક બનાવ્યો હતો. દિલીપભાઈ સંઘાણીએ આ પ્રસંગે મનોરોગી દીકરીઓની સેવા અને આશ્રમની મુલાકાત લેવાનું મહત્વ સમજાવ્યું હતું. લોકસાહિત્યકાર મનસુખ વસોયાએ માનવ મંદિર આશ્રમનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન વિજય મહેતાએ કર્યું હતું.

# રાજુલા પે સેન્ટર શાળા નં.૨માં રંગોત્સવ સેલિબ્રેશન યોજાયું

રાજુલા, તા.૧૮



રાજુલા પે સેન્ટર શાળા નંબર ૨ માં રાજુલા રંગોત્સવ સેલિબ્રેશન મુંબઈ દ્વારા આયોજીત આર્ટ કોમ્પિટિશનમાં શાળાનાં કુલ ૧૦૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં ૨૭ જુદા જુદા મેડલ્સ તેમજ અલગ અલગ ગિફ્ટ આર્ટીકલ્સ સાથે તમામ વિદ્યાર્થીઓને સંસ્થા દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ. જેનું સેલિબ્રેશન આ શાળામાં થતાં જેમાં એસ.એમ.સી. અધ્યક્ષ મહમદભાઈ ગોરી તેમજ સભ્યો શિક્ષણવિદ ભરતભાઈ ગોસાઈ, ઈસ્માઈલભાઈ, ઈનાયતભાઈ લક્ષ્મીધર, ફીરોજભાઈ કપાસી તેમજ ગ્રામજનોની હાજરીમાં આ મેડલ્સનું વિતરણ કરવામાં આવેલ હતું.

# ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયત્નોથી નવાણીયા ગામે તળાવના રીપેરીંગ માટે રૂ.૫૪.૯૫ લાખ મંજૂર

અમરેલી,તા.૧૮



બાબરા તાલુકાના નવાણીયા ગામે નાની સિંચાઈ યોજના પેટા વિભાગ લીલીયા હસ્તકનું તળાવ આવેલ છે. આ તળાવના રીપેરીંગ કામ માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા રજૂઆત કરવામાં આવી હતી અને પછી સરકાર દ્વારા રૂ.૫૪.૯૫ લાખ મંજૂર કરવામાં આવેલ છે. આ કામને સરકારના નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે, જે અંતર્ગત તળાવમાં જરૂરીયાત મુજબની તમામ રીપેરીંગ કામગીરી કરાશે. આ તળાવનું રીપેરીંગ થયા બાદ હાલ કરતાં ખુબ જ વધારે પ્રમાણમાં વરસાદી પાણીનો સંગ્રહ થશે. આ કામગીરીથી લોકોની સુવિધામાં વધારો થશે તેમજ આજુબાજુના વિસ્તારના પાણીના તળ ઉપર આવવાની સાથે જ ખેડૂતોને ખુબ જ ફાયદો પણ થશે. આ કામ મંજૂર થતા નવાણીયા ગામના લોકો દ્વારા ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર વ્યક્ત કરાયો હતો.

# સારહી તપોવન આશ્રમને મળ્યું આધુનિક ઓક્સિજન કોન્સેન્ટ્રેટર

અમરેલી, તા.૧૮



સારહી તપોવન આશ્રમ, અમરેલી ખાતે એક ઉમળકાભર્યા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આપાગીગાના પરિવાર તરફથી સ્વ. નાનભાઈ રામભાઈ સંવટના સ્મરણાર્થે મોટાભાઈ સંવટ તથા શ્રી કનુભાઈ સંવટ (USA) દ્વારા આશ્રમને એક આધુનિક ઓક્સિજન કોન્સેન્ટ્રેટર ભેટ આપવામાં આવ્યું. આ ઉપકરણ વિજયબાપુ ગુરુ જીવરાજબાપુ (સત્તાધાર) અને દિલીપભાઈ સંઘાણીના હસ્તે આશ્રમને અર્પણ કરવામાં આવ્યું હતું. સારહી યુથ ક્લબ ઓફ અમરેલી દ્વારા સંચાલિત આ આશ્રમ નિરાધાર લોકો માટે આધારસ્તંભ સમાન છે. કાર્યક્રમમાં સારહી યુથ ક્લબ ઓફ અમરેલીના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી સહિત અનેક પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે આશ્રમની સેવાકીય પ્રવૃત્તિઓ વિશે માહિતી મેળવી અને સંસ્થાની પ્રગતિ અંગે શુભેચ્છાઓ પાઠવી હતી.










# સા.કુંડલાનાં જેજાદ ગામની સીમમાં જુગાર રમતાં ચાર ઈસમો ઝડપાયા



અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં હજુ પણ શ્રાવણીયા જુગારની મોસમ પુરબહારમાં ખીલી હોય તેવું લાગી રહ્યું છે. જેમાં સાવરકુંડલા તાલુકાનાં જેજાદ ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતાં ૪ શખ્સોને અમરેલી એલસીબી પોલીસે ઝડપી પાડયા હતાં. અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ દ્વારા જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિ પર વોચ ગોઠવી તેના પર રેઈડ કરવા સૂચના આપતા એલસીબી પીઆઈ પટેલની ટીમે વંડા પોલીસ સ્ટેશનની હદમાં પેટ્રોલિંગ દરમ્યાન જેજાદ ગામની સીમમાં આવેલ નાના ઈશ્વરીયા હનુમાનજી મંદિરની સામે જાહેરમાં જુગાર રમતા મનસુખ નાથા વાઘેલા, ગોદડ અમરૂભાઈ ગરણીયા, જીતુ વજુ જમોડ અને કેશુ લાલજી પરમાર નામના શખ્સો પાસેથી રોકડ અને મોબાઈલ મળી કુલ રૂા.૩૭૨૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# અમરેલી જિલ્લા પંચાયત દ્વારા શરદપૂનમની ભવ્ય ઉજવણી કરાઈ



અમરેલી,તા.૧૮

અમરેલી શહેરમાં જિલ્લા પંચાયત પરિવાર દ્વારા પૂનમની રઢિયાળી રાતે શરદ પૂર્ણિમાના પાવન પર્વ નિમિત્તે શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સૌપ્રથમ કલેકટર, ડી.ડી.ઓ, એસપીએ માતાજીની આરતી ઉતારી ઉત્સવનો પ્રારંભ કર્યા બાદ રાતે ખીલેલા ચન્દ્રમાની ચાંદનીના અજવાળે અધિકારીઓ, કર્મચારીઓએ ટ્રેડિશનલ ડ્રેસ સાથે રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. મોડી રાતે શરદપૂનમના રાસ ગરબામાં જિલ્લા પંચાયત કેમ્પસમાં કલેકટર અજય દહીયા, જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડ્યા, ડીઆરડીએના નિયામક જાડેજા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી દીપાબેન કોટક, અપર્ણ ચાવડા સહિત ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા અને શરદપૂનમની રાતે ગરબે રમ્યા હતા.

# મોટા આંકડીયા ગામે દીકરીઓને ભેટ અપાઈ



અમરેલી,તા.૧૮

અમરેલી તાલુકાના મોટા આંકડીયામાં રવાણી પરિવારના ખોડિયાર માતાજીના મંદિરે શરદ પૂનમના અવસરે ૨૨ દીકરીઓને ભેટ આપવામાં આવી હતી.

# બગસરા પોલીસ સ્ટેશનનો નાસતો ફરતો આરોપી ઝડપાયો



અમરેલી, તા.૧૮

અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી પોતાની ધરપકડ ટાળવા નાસતા ફરતા હોય તેવા આરોપીઓને પકડી પાડવા માટે પોલીસ વડા હિમકરસિંહ દ્વારા અમરેલી જિલ્લા પોલીસને સૂચના આપવામાં આવેલ હતી. જે અન્વયે બગસરા પોલીસ સ્ટેશનનો NDPSનો આરોપી પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હોય જેથી લીસ્ટેડ આરોપી કલ્પેશ નરેન્દ્ર પારઘી રહે.કુપરી તા.આનંદપુરી જિ.બાંસવાડા(રાજસ્થાન)ને અમરેલી એલસીબી પીઆઈ એ.એમ.પટેલની રાહબરી નીચે ટેકનિકલ સોર્સ અને બાતમીનાં આધારે અરવલ્લી જિલ્લાનાં ધનસુરા તાલુકાનાં કાશીપુરા ગામેથી પકડી પાડી બગસરા પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો હતો.

# રોહીસા ગામે યુવકને ફોનમાં ગાળો આપી

જાફરાબાદ, તા.૧૮

જાફરાબાદના રોહીસા ગામે રહેતા એક યુવકને ફોનમાં ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે હિંમતભાઈ મેઘાભાઈ રાઠોડ (ઉ.વ.૨૦)એ તેમના ગામના કરણ બાંભણીયા તથા ગોપાલ ભાલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમને ફોન કરીને આરોપીએ ગંદી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.વી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય,
સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.

નિર્મળ સાવલીયા
૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા
૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનાં કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં
અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું
એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર,
જિલ્લા પંચાયત રોડ,
અમરેલી





# દામનગર શહેરમાંથી ડિગ્રી વગરનો તબીબ ઝડપાયો

દામનગર, તા.૧૮

દામનગરમાં પટેલવાડીની સામે વ્રજ કોમ્પલેક્ષમાંથી એક બોગસ તબીબ ઝડપાયો હતો. લાઠીના તાલુકા આરોગ્ય અધિકારી રતીલાલ રામજીભાઈ મકવાણા (ઉ.વ.૫૨) એ લાઠીના શાખપુરના આસીફભાઈ આરીફભાઈ સૈયદ (ઉ.વ.૨૭) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે આરોપીએ પોતાની પાસે કોઈપણ સરકાર માન્ય એલેપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી વગર ક્લિનીક ચલાવી દર્દીઓ પાસેથી ફી લઈ સારવાર આપતા ઝડપાયો હતો. દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. આર. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારી તાલુકાના ગઢીયા ગામે કૂવામાં ડૂબી જતાં યુવતીનું મોત

ધારી, તા.૧૮

ધારી તાલુકાના ગઢીયા ગામે રહેતી એક યુવતીનું કૂવામાં પાણી ભરવા જતા પગ લપસી જતાં કૂવામાં પડી જતાં મોત થયું હતું.

યુવતીના મોતના પગલે પરિવારજનો શોકમગ્ન થઈ ગયા હતા. બનાવ અંગે શામજીભાઈ દેવજીભાઈ પરમાર (ઉ.વ.૫૨)એ જાહેર કર્યા મુજબ, તેમની ભત્રીજી નયનાબેન રમેશભાઈ પરમાર (ઉ.વ.૨૧) વાડીએ કૂવામાંથી પાણી ભરવા ગયા હતા. અકસ્માતે પગ લપસી જતાં ડૂબી જવાથી મરણ પામ્યા હતા.

ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.















-//મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં //-

## -:જાહેર નોટીસ:-

નં. જન્મ નોંધણી/ અરજી નં.૧૫૪/૨૦૨૪

અરજદારશ્રી.......૧ ખદરાણી ઈરફાનભાઈ જમાલભાઈ
રહે.પીયાવા, તા.સાવરકુંડલા, જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા........ ૧. તલાટી કમ મંત્રીશ્રી પીયાવા, તા. સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ખદરાણી ઈરફાનભાઈ જમાલભાઈનો જન્મ તા.૧૦/૦૪/૧૯૮૭ ના રોજ મુ.પીયાવા, તા.સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૩/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ
મેજિસ્ટ્રેટ સાવરકુંડલા




# સાવરકુંડલામાં બ્રહ્મસમાજ દ્વારા શરદપૂનમની ભવ્ય ઉજવણી

**બાળકોને મોમેન્ટો આપી સન્માનિત કરાયા**



અમરેલી, તા.૧૮

સાવરકુંડલા ખાતે બ્રહ્મપરિવારો દ્વારા શરદપૂનમની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શહેરમાં આવેલ બ્રહ્મપુરી ઉપરનો વિભાગનાં દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ ભારતનાં ઉદ્યોગ રત્ન એવા સ્વ.રતન તાતાને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા માટે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

રકતદાન કેમ્પમાં મોટી સંખ્યામાં બ્રહ્મ યુવાનો ઉમટી પડયા હતા. દાતાઓ અને બાળકોને મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. બ્રહ્મપરિવાર દ્વારા નવરાત્રી દરમિયાન રાસોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સાવરકુંડલા બ્રહ્મપરિવારનાં દરેક સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# ગીર પૂર્વ નાયબ વનસંરક્ષકે ઈકો સેન્સેટીવ ઝોનના તથ્યોથી વાકેફ કર્યા

અમરેલી, તા.૧૮



ગીર રક્ષિત વિસ્તારના સૂચિત ઈકો સેન્સેટીવ ઝોન અંગે ગીર પૂર્વ નાયબ વનસંરક્ષક અને ધારી પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને ધારીના આંબરડી સફારી પાર્ક ખાતે પત્રકારો સાથે વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વાર્તાલાપમાં ગીર પૂર્વ નાયબ વનસંરક્ષક રાજદિપસિંહ ઝાલાએ પત્રકારોને એક પ્રેઝેન્ટેશન પ્રસ્તુત કરી સૂચિત ઈકો સેન્સેટીવ ઝોન અંગેના તથ્યોથી વાકેફ કર્યા હતા. તેમણે કહ્યુ કે, સૂચિત ઈકો સેન્સેટીવ ઝોન લાગુ થવાથી કુલ ૧૯૬ ગામોનો સમાવેશ થશે જ્યારે હાલના નિયમો મુજબ ૩૮૯ ગામો રક્ષિત વિસ્તાર અને તેની આસપાસ સમાવિષ્ટ છે જ. આમ, ઈકો સેન્સેટીવ ઝોન લાગુ થવાથી ગામની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે વધારો થતો નથી. ઈકો-સેન્સેટીવ ઝોનનો કુલ વિસ્તાર ૨૦૬૧.૭૭ ચો. કિ.મી. છે. ઈકો-સેન્સેટીવ ઝોનમાં ૩ જિલ્લાના ૧૧ તાલુકાના કુલ ૧૯૬ ગામોનો સમાવેશ થાય છે. તા.૧૮/૦૯/૨૦૨૪ના રોજ વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

# ચાડીયા ગામના ભાણેજે સમાજને અનોખું પ્રેરણાદાયી દૃષ્ટાંત પૂરું પાડ્યું



અમરેલી, તા.૧૮

ગામલોકો તેમના ગામ માટે યોગદાન આપે છે પરંતુ ચાડીયા ગામના ભાણેજ બાબુભાઈ પેથાણીના પુત્રોએ આ વાતને ચરિતાર્થ કરી બતાવી છે. અશ્વિનભાઈ પેથાણી અન્નપૂર્ણા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે, તેમણે પોતાના પિતાના નામ સાથે બાબુભાઈ રામજીભાઈ પેથાણી સરોવર નામ આપી મુખ્ય દાન આપીને ગૌરવ રૂપી દાખલો બેસાડ્યો હતો. આ કાર્યને લઈ ચાડીયા ગામ દ્વારા તેમનો આભાર માનવામાં આવ્યો હતો તેમ વલ્લભભાઈ રામાણીની યાદીમાં જણાવાયું છે.

# બગસરા નગરપાલિકામાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૧૮



બગસરા નગરપાલિકાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો, કાર્યક્રમમાં રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અન્વયે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો. બગસરા નગરપાલિકા સેવા સેતુ કાર્યક્રમમાં ૭૨ નાગરિકોને આવકનો દાખલો, ૭ આઈ.સી.ડી.એસ. બાળકોના આધારકાર્ડ, ૫ જન્મ-મરણ પ્રમાણપત્ર, ૦૪ રાશનકાર્ડમાં નામ દાખલ અને સુધારા, ૬૦ કાનૂની સેવા, ૮૨૭ પશુઓને મેડિકલ સારવાર, ૧૦૫૫ પશુ રસીકરણ સહિત કુલ ૨૦૪૮ અરજીઓનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો. રાજ્ય સરકારના સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી અરજદારોના પ્રશ્નોનું સ્થળ પર નિરાકરણ આવી રહ્યું છે. રાજ્ય સરકારના પારદર્શી અભિગમ સુશાસન વ્યવસ્થા અંતર્ગત સેવા સેતુ કાર્યક્રમ દ્વારા નાગરિકોની વિવિધ સમસ્યાઓનું નિવારણ અરજદારોને ત્વરાએ મળી રહે તે માટે પારદર્શી શાસન વ્યવસ્થા કાર્યરત છે.

# અમરેલીમાં પરિણીતાને મુંઢમાર મારીને જાનથી મારવાની ધમકી આપી

અમરેલી, તા.૧૮

અમરેલીમાં રહેતી એક પરિણીતાને મુંઢમાર માર્યો હતો તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપવામાં આવી હતી. આ અંગે નજમાબેન સોહીલભાઈ રાઠોડ (ઉ.વ.૩૨) એ અલ્તાફ અબ્દુલભાઈ રાઠોડ, અયુબભાઈ રજાકભાઈ રાઠોડ, રમીઝ રજાકભાઈ રાઠોડ તથા ફિયાઝ ફારુકભાઈ રાઠોડ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, અલ્તાફભાઈ અબ્દુલભાઈ રાઠોડને તેમના પતિ પાસેથી ટ્રક રિપેરિંગના પૈસા લેવાના હતા. જે બાબતનું મનદુઃખ રાખી ચારેય આરોપીએ તેમને તથા સાહેદ રેશમાબેન, અશરફભાઈને ગાળો આપી મુંઢમાર માર્યો હતો. તેમજ પાઈપના ઘા વાંસાના ભાગે મારીને કપડાં ફાડી નાખ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી શહેર ખાતે સમસ્ત કોળી સમાજનો વેવિશાળ પરિચય સમારંભ યોજાયો



અમરેલી, તા.૧૮

અમરેલી ખાતે કોળી શક્તિ યુવક મંડળ દ્વારા ૭૦મો સમસ્ત કોળી સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓનો વેવિશાળ પરિચય સમારંભ નિવૃત્ત પીઆઈ એનજી ધરજીયાના પ્રમુખ પદે યોજાયો હતો. આ સમારંભમાં ૯૪૮ યુવક-યુવતીએ ફોર્મ ભરી ભાગ લીધો હતો અને પોતાનો પરિચય પરિવાર સાથે આપ્યો હતો. આ સમારંભને સફળ બનાવવા પ્રમુખ રમેશભાઈ ગોહીલ, પરશોત્તમભાઈ મકવાણા, રમેશભાઈ ડાભી સહિતના લોકોએ જહેમત ઉઠાવી હતી.

# 'દીવાબત્તી કરતા સમયે તમારે ન અવાય' કહી યુવકને ફટકાર્યો

**ધારીના બોરડી ગામે બનાવ બન્યો**

ધારી, તા.૧૮

ધારીના બોરડી ગામે એક યુવક તેની દીકરી માટે બિસ્કીટ લેવા ગયો ત્યારે તેને તમારે દીવાબત્તી સમયે ન અવાય તેમ કહી ગાળો આપી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે બોરડી ગામે રહેતા સંજયભાઈ ખીમજીભાઈ બોરીચા (ઉ.વ.૨૫)એ નટુભાઈ સુંદરગીરી ગોસાઈ તથા પારસભાઈ નટુભાઈ ગોસાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તેમની નાની દીકરી માટે બિસ્કીટ લેવા નટુભાઈ ગોસાઈની દુકાને જતા તેમણે દીવાબત્તી કરતા સમયે તમારે ના અવાય તેમ કહી ગાળો આપવા લાગ્યા હતા. જેથી તેમણે ગાળો આપવાની ના પાડતા ઉશ્કેરાઈને પાટુ મારી નીચે પછાડી દીધા હતા. તેમજ મુંઢ ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સિવાય પારસભાઈ ગોસાઈએ પણ ગાળો દઈ પથ્થરના છુટા ઘા માર્યા હતા. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# વડીયાના નાજાપુર ગામની પરિણીતાને પતિએ મારકૂટ કરી ગાળો આપી

વડીયા, તા.૧૮

વડીયાના નાજાપુર ગામે રહેતી એક પરિણીતાને પતિએ મારકૂટ કરી, ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે નાજાપુર ગામે રહેતી મનિષાબેન શૈલેષભાઈ આહુએ રાજકોટના જેતપુર તાલુકાના ચારણ સમઢીયાળા ગામે રહેતા પતિ શૈલેષભાઈ વાલજીભાઈ આહું સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પતિએ લગ્નના પાંચ વર્ષના ગાળા દરમિયાન અવાર નવાર મારકૂટ કરી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ શારીરિક માનસિક દુઃખ-ત્રાસ આપ્યો હતો.

વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: બીજ
તા. ૧૯-૧૦-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૬:૨૪,
સૂર્યાસ્ત-૦૫:૪૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: ભરણી

## દૈનિક રાશિફળ

તા.૧૯-૧૦-૨૦૨૪ શનિવાર

મેષ: આજે તમને ધંધામાં સતત લાભ મળશે. તે જ સમયે ધંધાકીય ભાગીદારો તરફથી મુશ્કેલી થવાની સંભાવના પણ રહેશે.

વૃષભ: આજે તમને સંતાનો તરફથી જે ચિંતાઓ રહી હતી તે ઉકેલાય તેવી અપેક્ષા છે. આજે તમને તમારા પ્રિયજનો અને પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે.

મિથુન: ભાઇઓ અને વ્યાવસાયિક સહયોગીઓ સાથેની અશાંતિની સ્થિતિને કારણે આખો દિવસ અસ્વસ્થ રહેશે. દુશ્મનના વિવાદથી આજે તમે પરેશાન થશો.

કર્ક: આજે તમારા પ્રિયજનો અને સંબંધીઓમાં કોઈને શારીરિક સમસ્યા નડી શકે છે. ખોટા અને વ્યર્થ વિવાદથી આજે દૂર રહો.

સિંહ: આજે તમને શારીરિક અને આર્થિક શક્તિ પ્રદાન થશે. સારા લોકો સાથે વધતા સંપર્કને કારણે અધિકારીઓ તમારી તરફ રહેશે.

કન્યા: આજે સમય પ્રમાણે કામ કરવામાં અડચણ આવશે. આજે હવામાન પણ અનુકૂળ રહેશે નહીં. આજે મોટી માત્રામાં ધન મળતા મનોબળ વધશે.

તુલા: આજે તમારે સંતાન પક્ષની ચિંતા રહેશે. તમારા બાળકોની શારીરિક સમસ્યાઓના કારણે તમે પરેશાન થશો. સ્થળાંતરણનો સંદર્ભ પ્રબળ અને સ્થાપિત થશે.

વૃશ્ચિક: આજે તમારા ગૌરવમાં વધારો થશે. દુશ્મનોના મનોબળનું પતન થશે. ઘરેલું અને સારી ગુણવત્તાવાળા લોકો સાથે સંવાદ વધશે.

ધન: આજે અચાનક મોટી માત્રામાં આર્થિક લાભ થશે. તમને સાંજથી રાત સુધી શુભ કાર્યમાં જોડાવાનો લ્હાવો મળશે. ખોરાકમાં વિશેષ કાળજી લો,

મકર: આજે શુભ ખર્ચા અને ખ્યાતિમાં વધારો થશે. ભાગ્યનો ઉદય, સંપત્તિમાં વધારો, દુશ્મનની ચિંતાઓનું દમન થશે.

કુંભ: આજે કોઈ બાબતે વધારે માનસિક તણાવ રહેશે. આ સિવાય કફ-પિત્ત રોગોથી શારીરિક ત્રાસ રહેવાની સંભાવના રહેશે.

મીન: આજે તમને આર્થિક લાભ થવાની અપેક્ષા રહેશે. માનસિક તણાવથી બચવા માટે ધૈર્ય અને નમ્રતાથી કાર્ય કરો. પરંતુ કાર્ય કુશળતાથી સાંજે બધું સામાન્ય થશે.

# મોટા દેવળીયા ગામે પત્ની રિસામણે જતાં પતિએ ઝેરી ટિકડા પીધા

**સારવાર દરમિયાન મોત થતા પરિવારમાં શોકનો માહોલ છવાયો**

બાબરા, તા.૧૮

બાબરાના મોટા દેવળીયા ગામે રહેતા એક યુવકની પત્ની પાંચ મહિનાથી રિસામણે ગઈ હતી. જેને લઈ તેને લાગી આવતાં ઝેરી ટિકડા પીતા સારવાર અર્થે ખસેડાયો હતો. જ્યાં તેનું મોત થયું હતું. બનાવ અંગે મુકેશભાઈ હીરાભાઈ બગડા (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા મુજબ, રવજીભાઈ હીરાભાઈ બગડા (ઉ.વ.૩૩)ની પત્ની પાંચ મહિનાથી રિસામણે ગઈ હતી. જેને લઈ તેને મનમાં લાગી આવતાં અનાજમાં નાંખવાના ઝેરી ટિકડા પી લીધા હતા. સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.વી. સિંઘવ વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલામાં દીકરીઓની સુરક્ષાના ઉદ્દેશ્યથી દુર્ગાવાહિની કેન્દ્ર શરૂ



અમરેલી,તા.૧૮

સાવરકુંડલા શહેરના જેસર રોડ ખાતે આવેલ ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે દશેરાના પવિત્ર દિવસથી મા ભારતીની સેવાર્થે અને શક્તિ સ્વરૂપ દીકરીઓને સેવા, સુરક્ષા તેમજ સંસ્કારના ઉદ્દેશ્યથી દુર્ગાવાહિની કેન્દ્ર શરુ કરવામાં આવ્યુ છે. જેમાં હિન્દુ સમાજની દીકરીઓને સેલ્ફ પ્રોટેકશન, લાઠીદાવ, તલવાર બાજી, કરાટે વગેરેની નિઃશુલ્ક ટ્રેનિંગ આપવામાં આવી રહી છે.

# મોટી કુંકાવાવમાં રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂની બોટલો ઝડપાઈ

વડીયા, તા.૧૮

વડીયાના મોટી કુંકાવાવમાં એક યુવકના રહેણાંક મકાનમાંથી પોલીસે વિદેશી દારૂની બોટલો ઝડપી હતી. મયુર રાવતભાઈ રાઠોડ તથા રાહુલ રાવતભાઈ રાઠોડના રહેણાંક મકાનેથી પોલીસે ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭ બોટલ મળી કુલ ૩૨૦૫ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેમણે આ મુદ્દામાલ હીરેનભાઈ ગોવિંદભાઈ લીંબડીયા પાસેથી ખરીદ્યો હોવાની કબૂલાત કરી હતી. વડીયા પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.એમ.વાઢેર વધુ તપાસ કરી રહ્યા છે. ડેડાણ ગામેથી ૫ લીટર દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાંથી છ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.







**તંત્રી લેખ**

# ઋતુ પરિવર્તનની આરોગ્ય પર અસર

શરદપૂનમની ઉજવણી સાથે જ લોકોમાં વ્યાપક પ્રમાણમાં ઋતુ જન્ય રોગચાળો વકરતો જાય છે. ખાસ કરીને પાણીજન્ય રોગો વધતા જાય છે. હવે વર્ષાઋતુ પૂરી થઈ ગઈ ત્યારે આરોગ્યના જતન માટે માનવીએ સજાગ રહેવું જરૂરી છે. આરોગ્યના જતન માટે આરોગ્યપ્રદ પાણી વધુ જરૂરી છે. પાણીથી રોગ થઈ શકે છે તેમ જ મટી પણ શકે છે. જનઆરોગ્યના જતન અને સંવર્ધન માટે આરોગ્યપ્રદ પાણી માત્ર આવશ્યક નહી, અનિવાર્ય છે. જળ સમસ્યાનો ઉચિત ઉકેલ ત્યારે થયો ગણાય જ્યારે જનતાને સામૂહિક તેમજ વ્યક્તિગત કક્ષાએ વાપરવાલાયક પાણી તથા પીવાનું આરોગ્યપ્રદ પાણી ઘરઆંગણે પૂરતા પ્રમાણમાં સરળતાથી પ્રાપ્ત થતુ રહે.

પીવાનું પાણી અમ્લીય કરતાં જેટલુ વધુ ક્ષારીય હોય એટલા પ્રમાણમાં પાણીમાંના ઓક્સિજનનો વધુ લાભ મળે. માનવ શરીરનું પી.એચ. ૭.૩ થી ૭.૪ હોય છે. જ્યારે લોહીનું પી.એચ. ૭.૪૫, હોજરીનું ૧.૫, ચામડીનું ૪.૭ અને મોંમાં લાળનું તથા શરીરના કોષોનું પી.એચ. ૭.૧ હોય છે. જ્યારે પેનક્રિયાસ સાવનું પી.એચ.૮.૮ હોય છે. પ્રકાર અને પ્રમાણ અનુસાર પી.એચ.માં વધ-ઘટ સર્જાય છે. ક્ષારીય ખાનપાન અને પાણી શરીરને ઉપયોગીતાની દૃષ્ટિએ સવિશેષ આરોગ્યપ્રદ બને છે. પાણીનું શુદ્ધિકરણ માટે વપરાતું ક્લોરીન સોડિયમ આયન્સ અને કેલ્શિયમ આયન્સને ઘટાડે છે, જેથી પાણી અમ્લીય બને છે. ક્લોરીન પાણીમાંના હાઈડ્રોકાર્બન સાથે સંયોજાવાને લીધે કેન્સરજન્ય કલોરીનેટેડ હાઈડ્રોકાર્બન સર્જાય છે.ડીસ્ટીલ્ડ વોટર કે રીવર્સ ઓસ્મોસીસ ફીલ્ટર્ડ વોટરમાં કે રીવર્સ આસ્મોસીસ ફીલ્ટર્ડ વોટરમાં ટોટલ ડીઝોલ્ડ સોલીડઝ રહેતા ન હોવાને લીધે વધારાનો ઓક્સિજન તેમાં રહેતો નથી. કેલ્શીયમની ઓછપ દૂર કરવા માટે પલાળી રાખેલા ચુનાના આસરેલા પાણીની ઉપરનું આસરેલુ પાણી પીવાના પાણીમાં જરૂર મુજબ ઉમેરવું. ચુનાથી રંગ, કાર્બનિક દ્રવ્યો અને બેકટેરિયા ઘટી જાય છે.

કફ કે શરદીની તકલીફ સર્જાતી અટકાવવા કે થઈ હોય તો મટાડવા માટે સૂંઠના ટૂકડા કે ચૂર્ણ પીવાના પાણીમાં નાખીને ઉકાળેલુ પાણી ઠારીને પીવું. ગરમીની ઋતુમાં ચુંબકના સાઉથ પોલ ઉપર અને ઠડીની ઋતુમાં ચુંબકના નોર્થ પોલ ઉપર પાણી ભરેલુ તાંબાનું વાસણ મૂકી રાખીને તે પાણી પીવું.

શરીરમાં જાણ્યે અજાણ્યે પેદા થતી અમ્લીયતાનું વાળણ કરવા માટે ઉકાળેલુ પાણી પીવું જરૂરી છે. જે ક્ષારીયજળ અક્સીર ઉપાય ગણાય. જરૂર પડ્યે એક કે વધુ રીતનું સંયોજન સર્જી શકાય. ઉકાળેલુ ગરમ પાણી તેની બ્રોકોડાઈબેટર તથા મ્યુકો ડાયબેટિક ક્રિયા ક્ષમતાને લીધે શરીરમાં શુષ્ક ચીટકી ગયેલા કફને ભીંજવી ઉષ્ણતાથી પીગાળીને ગતિશીલ કરે છે. શ્વાસોશ્વાસની ક્રિયામાં પડતી અડચણને દૂર કરે છે. કીડનીની કાર્યક્ષમતામાં વધારો થાય છે. ગરમ પાણીના ગુણથી પાચક સ્ત્રાવોની વાહિનીઓના છીદ્રો વિસ્તૃત બને છે, તેથી જઠરમાં પાચક સ્ત્રાવોનું પ્રમાણ વધે છે. ઠંડા પાણી કરતા ગરમ પાણી પચવામાં હલકુ છે. વાસીને બદલે તાજુ ગરમ કરેલું પાણી વધુ ગુણકારી છે. નવશેકુ ગરમ પાણી જરૂર અનુસાર પીવાનું ચાલુ રાખવાથી ઘણી તકલીફોમાં રાહત થાય છે. ખાસ કરીને નરણાં કોઠે ઉકાળીને ઠારેલું પાણી પીવુ વધારે હીતાવહ છે.

# સાવધાન - ગુજરાતમાં વ્યસનોની માયાજાળ ધીમે ધીમે વ્યાપક બની રહી છે

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ગુજરાતમાં નશાકારક પદાર્થો મોટા પ્રમાણમાં ઠલવાઈ રહ્યા છે અને તેનું પ્રોસેસિંગ પણ ગુજરાતમાં જ થાય છે. આ એક ભયાનક ષડયંત્ર છે જેને નષ્ટ કરવું અત્યંત જરૂરી છે. હવે તો સ્કૂલના બાળકોને તથા કોલેજના વિદ્યાર્થીઓને કોફીમાં, ચોકલેટમાં અથવા તો અન્ય કોઈ રીતે આવા નશાકાર પદાર્થો આપવામાં આવે છે. જેની લાંબા સમય સુધી ખબર પડતી નથી પરંતુ જ્યારે મેડિકલ ટેસ્ટ કરવામાં આવે છે ત્યારે ખબર પડે છે કે આ વિદ્યાર્થીને નશાકારક પદાર્થો અન્ય ખાદ્ય પદાર્થોમાં ભેળવીને આપવામાં આવી રહ્યા છે. આ વસ્તુ અત્યંત ચોંકાવનારી અને ગંભીર બાબત છે અને તે માટે સરકારે તાત્કાલિક પગલાં લઈને આ ષડયંત્રને જડમૂળથી નાબૂદ કરવું અત્યંત જરૂરી છે.

આજે લોકો વ્યાપક પ્રમાણમાં તમાકુનો ઉપયોગ કરે છે. રાજ્યમાં અનેક જગ્યાએ હુક્કાબાર ચાલી રહ્યા છે તેને દૂર કરવા જરૂરી છે. આ ઉપરાંત ડિજિટલ સિગારેટ નામનું એક એક નવું તૂત શરૂ થયું છે. આજે તમાકુના સૌથી વધુ વ્યસનીઓ છે. આ ઉપરાંત બીડી સિગારેટ જેવા વ્યસનોથી લોકોને મુક્ત કરાવવા આજની તારીખે ખૂબ જરૂરી છે.

અમદાવાદમાં સ્કૂલના બાળકોને કોઈ કોકેઈન આપતું હોવાના ચોકાવનારા સમાચારો આવ્યા છે. આ બાળકો ટ્યુશન ક્લાસમાંથી આવીને બેહોશીની જેમ સૂઈ જતા હતા આથી તેનો મેડિકલ રિપોર્ટ કર્યો ત્યારે જાણવા મળ્યું કે તેને ડ્રગ્સ આપવામાં આવતું હતું. આ બાળકો ટ્યુશનમાંથી આવીને જમ્યા વગર સુઈ જતા હતા. તેનો સ્વભાવ ચીડીયો થઈ જવાની સાથે કંઈ પણ કહીએ તો તેઓ ગુસ્સે થઈ જવા જતા. જેથી માતા પિતાએ ફિઝિશિયન પાસે તપાસ કરાવી તો ફિઝિશિયનને મનોચિકિત્સક પાસે મોકલ્યા અને ત્યાંથી પિતાને ખબર પડી કે બાળકો ટ્યુશન ક્લાસમાંથી છૂટીને કોફી બારમાં કોફી પીધા બાદ તેનામાં આ પરિવર્તન આવ્યું હતું જેથી ડોક્ટરે બાળકમાં યુરિન ટેસ્ટ કરાવતા તેમાંથી ડ્રગ્સ મળતા ખુદ બાળકો અને માતા પિતા પણ ચોકી ઉઠ્યા હતા. કોઈપણ વ્યસન કે ડ્રગ્સની અસર શરૂઆતના પ્રથમ તબક્કામાં હોવાથી તેમની રિકવરી ઝડપથી આવી જાય છે અને બે ત્રણ અઠવાડિયામાં બાળકો સ્વસ્થ થાય છે. મહત્વની વાત એ છે કે જાણે-અજાણે ભોગ બનતા કિશોર તથા યુવાનોને પણ ગંભીર અસર થાય છે જેમાં શાળામાં ભણતા બાળકોમાં રીઝલ્ટ સારું ન આવવું, સેલ્ફ કોન્ફિડન્સ ઓછો થવો, નાની-નાની વાતો ભૂલી જવી, એટેન્શન ડીસઓર્ડર અને કોન્સન્ટ્રેશન ન કરી શકે તથા સોશિયલ સ્કિલ ઝીરો થઈ જાય તેમ જ મિત્રો બનાવી શકતા નથી, પરિવાર સાથે વાત કરી શકતા નથી આવી સ્થિતિ ઉત્પન્ન થાય છે. આ બધું વ્યસનને કારણે થાય છે તેમાંથી શરૂઆતના તબક્કામાં જો યોગ્ય ટ્રીટમેન્ટ કરવામાં આવે તો આ બાળકો ને કિશોરો ફરી સાજા થઈ શકે છે.

આ ગંભીર પ્રકારનું વ્યસન છે અને ચિંતાજનક બાબત છે. વ્યસન મુક્તિ માટે સરકાર અને સામાજિક સંસ્થાઓ અસંખ્ય પ્રયાસો કરે છે. લોકોને સુધારવા માટે વ્યસન મુક્ત કરવા માટે આ બધા પ્રયાસો કરવામાં આવે છે. આમ છતાં સમાજમાં તેના ધાર્યા પરિણામો જોવા મળતા નથી. વ્યસનમુક્તિની રેલીઓ કાઢવામાં આવે છે છતાંપણ લોકોમાં જાગૃતિ આવતી નથી અને લોકો વ્યસન મુક્ત થતા નથી. આમ શા માટે બને છે? માનવી વ્યસનનો ગુલામ બની જાય છે જ્યારે તે સહેલાઈથી વ્યસનને છોડી શકતો નથી. કદાચ થોડા સમય



માટે તે વ્યસન મુક્ત બને પરંતુ ટૂંક સમય પછી ફરી પાછો વ્યસનની લતે ચડી જાય છે. આ બાબતમાં ભાવનગરના જાણીતા મનોચિકિત્સક ડોક્ટર શૈલેષભાઈ જાનીએ વ્યસનમુક્તિ માટે જબરજસ્ત પ્રયાસો કર્યા છે અને તે માટે અવારનવાર તે પોતાના મેગેઝીનમાં તથા અન્ય સામાયિકોમાં પ્રેરણાત્મક લેખો લખે છે. મનોચિકિત્સાના તેમના એક પુસ્તકમાં તેમને વ્યસન મુક્ત કેવી રીતે થવાય તેની ઉપયોગી માહિતી આપી છે જે નીચે મુજબ છે આનો અમલ કરવાથી વ્યક્તિ વ્યસન મુક્ત બને છે તે હકીકત છે.

વ્યસનોમાંથી મુક્ત કઈ રીતે થવાય? : નાના બાળકોથી માંડી મોટેરાઓ આજે વ્યસનના રવાડે ચડી ગયા છે. આ વ્યસન માનવ શરીર માટે ખૂબ જ નુકસાનકારક સાબિત થઈ શકે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબલ્યુ.એચ.ઓ.) ના એક અંદાજ પ્રમાણે ભારતની કુલ વસ્તીમાંથી અંદાજીત ત્રીસ કરોડ લોકો પાન, માવો, સિગારેટ, ગુટખા કે અન્ય કોઈને કોઈ પ્રકારના વ્યસન કરે છે. અન્ય એક સર્વે પ્રમાણે અત્યારે કેન્સરના દર્દીઓમાં ૩૫ ટકાથી વધુ દર્દીઓ તમાકુના સેવનથી જ આ રોગના ભોગ બન્યા છે. ૩૧મી મેના દિવસને વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ‘‘‘તમાકુ નિષેધ દિવસ’’ તરીકે જાહેર કરાયો છે. સાયકિયાટ્રીસ્ટના જણાવ્યા મૂજબ વ્યસન કોઈપણ હોય, તેને છોડવું અઘરૂં નથી, જરૂર છે માત્ર ઈચ્છાશક્તિની.

વ્યવસ્થિત પ્લાનિંગ કરો : એવા દરેક કારણની યાદી બનાવો જેના લીધે તમે તમાકુ કે ધૂમ્રપાન કરો છો. અમુક ચોક્કસ દિવસ, તારીખ નક્કી કરો આ દિવસથી હું વ્યસન નહીં કરું. શારીરિક રીતે સુસજ્જ બનો. હળવી કસરત અને પુરતો આરામ કરો. તમારા ખીસ્સામાં માવો-સિગારેટ ન રાખો. માવા કે ધૂમ્રપાનની તલપ જાગે તો તુરંત બીડી પીવાનું ચાલુ ન કરો. થોડો સમય રાહ જૂઓ. તમારી પ્રવૃત્તિ બદલો. શરૂઆતમાં છોડતી વખતે અડધી સિગારેટ જ પીઓ. અર્ધી ફેંકી દો. જે દિવસે તમે વ્યસનમુક્ત થાઓ ત્યારે સિગારેટ, બાકસ, એશ ટ્રે, લાઈટરને તમારી નજરથી દૂર કરો. દાંતના ડોક્ટરની મુલાકાત લઈ દાંત સાફ કરાવો. તમારી નજીકની દરેક વ્યક્તિને જાહેર કરો કે મેં ધૂમ્રપાન છોડ્યું છે અને જો હું ધૂમ્રપાન કરું તો મને સજા કરજો. અન્ય વ્યસની વ્યક્તિઓથી દૂર રહો. તમાકુની ઈચ્છા થાય કે તલપ જાગે ત્યારે શું કરશો? સતત કામ ધંધામાં મન રાખો. શરૂઆતમાં કંઈક મોંમા રાખો. દા.ત. શીંગ, ચણા, મુખવાસ, તજ, લવિંગ, ચ્યુંઈંગ ગમ. એવી દરેક જગ્યા કે જ્યાં વ્યસન યાદ આવે ત્યાં જવાનું ટાળો. વધુમાં વધુ પાણી અને ફળોનો રસ પીઓ. તમારી દૈનિક ક્રિયામાં ફેરફાર કરો. જમ્યા બાદ તુરંત દાંતને બ્રશ કરો. હકારાત્મક વિચારો. ફરી વખત વ્યસન શરૂ ન થાય તેના માટે એક માવો કે સિગારેટથી કંઈ ન થાય તેવું ક્યારેય ન વિચારો. એવી દરેક વ્યક્તિ, સ્થળ કે વસ્તુને ઓળખો, જેનાથી વ્યસનની યાદ આવે છે. તેને ટાળવાની કોશિશ કરો.

શું આપ જાણો છો? વિશ્વમાં થતાં કેન્સરના મૃત્યુમાં ૩૦ ટકા ફાળો તમાકુનો છે. તમારા મિત્ર, વડીલ કે ગુરૂ સંતને તમારા નિર્ણયની જાણ કરો કે મેં વ્યસન છોડી દીધું છે. જો તમારા મિત્ર પણ વ્યસની હોય તો તેને પણ વ્યસનમુક્તિમાં સામેલ કરો. સતત સારી સોબત અને ઘણાં વર્ષો સુધી યોગ્ય વાતાવરણમાં રહેવાથી માનસિક નશાખોર આવા જન્મજાત અનિષ્ટને ઓક્ટોપસ આઠ પગવાળા દરિયાઈ પ્રાણીની જેવી પકડમાંથી મુક્તિ મેળવી શકે. મા-બાપો પોતાનાં બાળકમાં બચપણમાં પણ આવા કોઈ અનિષ્ટ માનસિક લક્ષણો જુએ તો તેમણે ચેતી જઈને તેમને માનસિક નશાખોર થતા અટકાવવા અંગે પગલાં લેવાં જોઈએ અને જો શક્ય હોય તો તેને આધ્યાત્મિક શિક્ષકોની સારી દેખરેખવાળા વાતાવરણમાં મૂકી દેવું જરૂરી છે.

**ગુજરાતમાં મોટા પ્રમાણમાં ડ્રગ્સ પકડાય છે. એનું પ્રોસેસિંગ પણ ગુજરાતમાં થાય છે. આખું નેટવર્ક સરકારે તોડવાની જરૂર છે. કારણ કે આમ કરવામાં નહીં આવે તો ભાવિ પેઢી બરબાદ થઈ જશે. લોકોને પાન બીડી અને તમાકુના વ્યસનમાંથી મુક્ત કરાવી શકાય છે પરંતુ ડ્રગ્સની નાગચૂડમાંથી મુક્ત થવું અઘરું છે. શરૂઆતના તબક્કામાં સારવાર કરવાથી મુક્ત થઈ શકાય છે.**

## શબ્દ સંજોગ-૧૮૮૮



**આડી ચાવી :**

(૧)ખબર, સમાચાર (૩)
(૩) ભાષાંતર, અનુવાદ
(અ) (૫)
(૬) દક્ષિણ ભારતની એક વાનગી (૩)
(૮) ....નું ગજ ને વાતનું વતેસર (૨)
(૧૦) દેવીમાનું એક આયુધ (૪)
(૧૨) એક જાતનું પક્ષી (૩)
(૧૩) માલમિલકત, દોલત (૨)
(૧૪) ધમકી, ડરાવવુ તે (૪)
(૧૯) બદદુવા (૩)
(૨૧) શાબાશી આપતો ઉદગાર (૪)
(૨૨) ચોવીસ કાગળનો જથ્થો (૧)
(૨૪) એક જાતનો લીસો ચળકતો પથ્થર (૩)
(૨૬) હારેલુ (૩)

**ઉભી ચાવી :**

(૧) પૂર્વ કર્મોનું ફળ (૩)
(૨) નિયમ, શરેહ (૨)
(૩) કોલકત્તામાં દોડતુ એક જનતા વાહન (૨)
(૪) બોટલ પરનું...... વાંચીને જ દવા ખરીદો (૩)
(૫) શહેર (૩)
(૭) આગળ જણાવેલુ (૪)
(૯) જન્મ આપનારી માતા (૩)
(૧૦) તડ, ફાટ (૩)
(૧૧) ખેતરમાં રાતવાસો રહી ચોકી કરનાર (૨)
(૧૩) લશ્કરી વહાણ (૪ )
(૧૫) જોર, શક્તિ (૨)
(૧૬) વાંદરો, સૂર્ય (૨)
(૧૭) ઘી (૨)
(૧૮) તરતીબ, તાલીમ (૪)
(૨૦) પાટણની વાવનું નામ (૩)
(૨૩) દેખાવ, સૌંદર્ય (૨)
(૨૪) પડતી (૨)
(૨૫) દાણો (૨)

## શબ્દ સંજોગ-૧૮૮૭ જવાબ

**આડી ચાવી:** (૧) યાવચ્ચંદ્રદિવાકરૌ (૬) મલ (૭) લત (૮) રવ (૧૦) યમલ (૧૨) સુવર્ણ (૧૪) વનિતા (૧૬) નવ (૧૮) તનય (૧૯) તુલા (૨૦) કીર (૨૧) મરુન (૨૨) ખલ (૨૫) તુલા (૨૮) વગર (૨૯) અનીક (૩૦) વેલણ (૩૧) જશોદા. **ઉભી ચાવી:** (૧) યામ (૨) વલય (૩) દિલ (૪) વાત (૫) રૌરવ (૯) વર્ણમાલા (૧૧) મનુ (૧૨) સુતા (૧૩) ચાનકી (૧૪) વન (૧૫) નિયમ (૧૭) વરખ (૧૮) તર્ક (૧૯) તુનતુની (૨૩) લવણ (૨૪) તરજ (૨૬) લાકડું (૨૭) હવે (૨૯) અદા.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૦ | ૧૬૫૦ |
| ઘઉં લોકવન | ૫૬૫ | ૬૦૯ |
| ઘઉં ટુકડા | ૫૭૦ | ૬૨૧ |
| જુવાર સફેદ | ૭૦૦ | ૭૮૮ |
| જુવાર લાલ | ૬૧૧ | ૯૮૦ |
| જુવાર પીળી | ૪૦૦ | ૫૦૦ |
| બાજરી | ૩૭૧ | ૪૫૩ |
| તુવેર | ૧૩૬૦ | ૧૮૬૫ |
| ચણા પીળા | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ચણા સફેદ | ૨૦૦૦ | ૨૮૭૦ |
| અડદ | ૧૩૬૦ | ૧૭૨૦ |
| મગ | ૯૬૦ | ૧૫૯૨ |
| વાલ દેશી | ૧૪૯૦ | ૧૯૪૧ |
| વાલ પાપડી | ૧૪૫૧ | ૧૯૫૧ |
| ચોળી | ૧૨૦૦ | ૩૧૫૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મગફળીજીણી | ૧૦૩૦ | ૧૨૨૧ |
| તલી | ૨૦૫૦ | ૨૬૫૧ |
| એરંડા | ૧૧૭૦ | ૧૨૮૩ |
| અજમો | ૮૫૦ | ૨૦૨૫ |
| સોયાબીન | ૭૪૫ | ૮૬૦ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| કાળા તલ | ૩૦૦૦ | ૩૬૯૬ |
| લસણ | ૩૮૦૦ | ૫૩૫૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૪૪૦ |
| ધાણી | ૧૩૧૧ | ૧૪૬૫ |
| વરીયાળી | ૧૦૫૧ | ૧૩૫૦ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૭૦૦ |
| રાય | ૧૦૮૦ | ૧૨૮૦ |
| મેથી | ૧૦૪૦ | ૧૩૭૦ |
| ઇસબગુલ | ૧૮૦૧ | ૨૦૩૦ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૫૦ |
| રજકાનું બી | ૪૭૫૦ | ૫૩૮૦ |
| ગુવારનું બી | ૧૦૧૦ | ૧૦૪૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૮૦ |
| ડુંગળી સુકી | ૨૯૦ | ૯૮૦ |
| ટમેટા | ૫૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૨૦૦ |
| કોથમરી | ૮૦૦ | ૧૨૫૦ |
| મુળા | ૩૩૦ | ૫૧૦ |
| રીંગણા | ૨૦૦ | ૪૫૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૨૫૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૮૫૦ | ૧૨૨૦ |
| વાલોળ | ૭૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૧૫૦ | ૩૦૦ |
| કારેલા | ૨૫૦ | ૫૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૫૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૮૦૦ |
| પરવર | ૯૫૦ | ૧૨૫૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગાજર | ૫૦૦ | ૮૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૩૩૦ | ૫૧૦ |
| મેથી | ૩૫૦ | ૬૨૦ |
| વાલ | ૩૦૦ | ૬૫૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૧૪૦૦ |
| મગફળીલીલી | ૪૫૦ | ૭૫૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૪૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૭૬૮ | ૧૧૮૧ |
| શિંગ મોટી | ૭૯૫ | ૧૧૬૦ |
| શિંગફાડા | ૧૦૦૦ | ૧૩૧૫ |
| તલસફેદ | ૧૪૦૦ | ૨૫૮૮ |
| તલકાળા | ૨૧૮૦ | ૩૭૭૬ |
| તલકાશ્મીરી | ૩૦૦૫ | ૩૨૯૩ |
| બાજરો | ૩૬૫ | ૫૦૧ |
| જુવાર | ૪૦૫ | ૭૪૦ |
| ઘઉં ટુકડા | ૫૫૪ | ૬૬૨ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૭૭ |
| મગ | ૬૫૦ | ૧૪૧૫ |
| અડદ | ૭૦૦ | ૧૫૨૫ |
| ચણા | ૮૫૫ | ૧૫૦૧ |
| કપાસ | ૭૦૦ | ૧૬૫૧ |
| એરંડા | ૧૨૨૨ | ૧૨૪૫ |
| જીરૂ | ૩૯૯૦ | ૪૪૭૫ |
| ધાણા | ૧૧૨૫ | ૧૩૭૦ |
| સોયાબીન | ૬૦૦ | ૯૧૧ |
| રજકાનું બી | ૩૩૭૫ | ૫૨૬૦ |
| સૂર્યમુખી | ૮૦૦ | ૮૦૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૩૮૦ | ૬૦૦ |
| રીંગણાં | ૨૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૬૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૮૦૦ | ૧૩૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૫૦૦ | ૭૦૦ |
| દૂધી | ૩૦૦ | ૪૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| મૂળા | ૨૦૦ | ૪૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૯૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૮૦૦ | ૧૦૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૮૦૦ |
| બીટ | ૬૦૦ | ૮૫૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૫૦૦ | ૮૫૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| નવીડુંગળી | ૩૦૦ | ૬૦૦ |
| શીંગઓળા | ૬૦૦ | ૭૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૩૮૦ | ૧૬૩૦ |
| કપાસ કોડી | ૯૦૦ | ૧૨૮૦ |
| મગફળી નવી | ૮૮૦ | ૧૧૦૦ |
| મગ | ૧૩૪૫ | ૧૫૮૫ |
| અડદ | ૧૨૫૫ | ૧૪૯૫ |
| ઘઉં | ૪૮૦ | ૬૫૦ |
| સોયાબીન | ૭૯૧ | ૮૦૯ |
| તલ સફેદ | ૧૯૯૫ | ૨૩૮૫ |
| જીરૂ | ૪૦૧૦ | ૪૬૦૦ |
| ચણા | ૧૩૩૯ | ૧૬૦૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૮૦૦ | ૧૧૨૧ |
| શીંગ મોટી | ૯૦૦ | ૧૨૩૬ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૩૫૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૩૪૮૧ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૩૫૦ |
| કપાસ | ૧૩૦૦ | ૧૬૨૦ |
| ઘઉં લોકવન | ૫૩૨ | ૬૬૦ |
| ઘઉં ટુકડા | ૫૫૫ | ૬૩૩ |
| બાજરો | ૪૨૫ | ૪૯૦ |
| મકાઈ | ૪૦૪ | --- |
| અડદ | ૧૦૭૫ | ૧૬૦૦ |
| ચણા | ૧૨૭૮ | ૧૪૧૧ |
| સોયાબીન | ૬૬૭ | ૭૯૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૨૫ | ૧૫૧૫ |
| મગફળી | ૮૦૭ | ૯૯૮ |
| મગફળી૬૬ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૧૩૫૧ | ૧૩૫૨ |
| અડદ | ૧૨૧૨ | ૧૨૧૨ |
| સોયાબીન | ૫૦૦ | ૭૯૨ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૬૦૦ |
| ઘઉ લોકવન | ૫૧૫ | ૫૫૬ |
| ઘઉ ટુકડા | ૫૪૦ | ૫૬૯ |
| ચણાસફેદ | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ચણા | ૯૪૫ | ૧૩૨૩ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૩૦૦ |
| અડદ | ૯૯૯ | ૧૩૯૫ |
| ધાણા | ૧૦૩૫ | ૧૧૮૦ |
| સોયાબીન | ૫૩૦ | ૮૨૩ |
| બાજરો | ૪૦૭ | ૪૦૭ |
| શીંગદાણા | ૯૦૦ | ૧૦૫૧ |
| તલ સફેદ | ૧૭૩૫ | ૨૨૮૦ |
| મકાઈ | ૫૨૫ | ૫૨૫ |
| લસણ | ૩૧૧૫ | ૩૧૧૫ |
| **ગોંડલ** | | |
| કપાસ બીટી | ૧૨૦૧ | ૧૬૨૧ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૭૧૨ |
| મગફળી જીણી | ૭૦૦ | ૧૨૧૬ |
| સિંગદાણાજાડા | ૧૦૦૦ | ૧૨૬૧ |
| એરંડા/એરંડી | ૧૦૭૬ | ૧૨૮૬ |
| જીરૂ | ૩૩૫૧ | ૪૯૫૧ |
| વરીયાળી | ૧૨૨૬ | ૧૨૨૬ |
| ધાણા | ૯૦૦ | ૧૬૦૧ |
| લસણ સુકુ | ૨૨૦૧ | ૫૦૯૧ |
| ડુંગળી લાલ | ૩૦૧ | ૯૨૬ |
| અડદ | ૧૦૨૧ | ૧૭૦૧ |
| મઠ | ૬૨૫ | ૭૦૧ |
| તુવેર | ૧૨૧૧ | ૧૮૭૧ |
| મેથી | ૮૭૬ | ૧૧૬૧ |
| સુવાદાણા | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ગુવાર બી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| મગફળી જાડી | ૬૧૧ | ૧૨૪૬ |
| સફેદ ચણા | ૧૨૫૧ | ૨૮૦૧ |
| મગફળી ૬૬ | ૧૧૦૦ | ૨૦૯૧ |
| તલ-તલી | ૨૦૦૦ | ૨૪૯૧ |
| ધાણી | ૧૦૦૧ | ૧૫૬૧ |
| બાજરો | ૪૨૧ | ૪૭૧ |
| જુવાર | ૪૯૧ | ૮૭૧ |
| મગ | ૧૧૧૧ | ૧૫૦૧ |
| ચણા | ૧૨૦૧ | ૧૩૫૬ |
| વાલ | ૪૩૧ | ૧૮૭૬ |
| ચોળા/ચોળી | ૫૫૧ | ૨૭૦૧ |
| સોયાબીન | ૬૫૧ | ૯૦૧ |
| ગોગળી | ૪૫૧ | ૯૪૧ |
| વટાણા | ૬૦૧ | ૬૦૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૧૬ | ૧૫૨૬ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| અડદ | ૯૦૦ | ૧૧૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૭૭૦ | ૮૭૪ |
| તલસફેદ | ૧૫૦૦ | ૨૩૭૬ |
| તલકાળા | ૩૫૫૦ | ૩૬૨૫ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૨૫ |
| બાજરો | ૪૨૦ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૫૪૬ | ૬૧૨ |
| જુવાર | ૪૩૬ | ૭૮૧ |
| મકાઈ | ૫૩૧ | ૫૩૨ |
| મગ | ૧૩૫૦ | ૧૩૫૦ |
| અડદ | ૧૦૦૧ | ૧૪૦૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૨૭૫ |
| જીરૂ | ૪૧૧૫ | ૪૩૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |
| રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૦૫૮ | ૧૫૩૮ |
| **જામનગર** | | |
| કપાસ | ૯૦૦ | ૧૬૭૦ |
| બાજરો | ૧૫૦ | ૪૬૫ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૫ |
| મગ | ૧૪૦૦ | ૧૫૮૦ |
| અડદ | ૧૧૫૦ | ૧૬૭૫ |
| તુવેર | ૫૦૦ | ૭૦૦ |
| ચણા સફેદ | ૧૮૦૦ | ૨૩૭૦ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૨૦૭૫ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૧૧૫ | ૧૨૭૦ |
| તલ | ૧૮૦૦ | ૨૩૬૫ |
| રાયડો | ૧૦૫૫ | ૧૦૭૮ |
| લસણ | ૨૦૦૦ | ૪૫૬૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૭૫૦ |
| અજમો | ૨૦૦૦ | ૨૯૫૦ |
| ધાણા | ૮૦૦ | ૧૩૦૦ |
| ડુંગળી સુકી | ૩૦૫ | ૧૦૫૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૩૫ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૪૦૦ | ૧૯૨૬ |
| શીંગ ૩૯ | ૮૦૧ | ૧૨૧૧ |
| શીંગ ટીજે | ૮૪૫ | ૧૦૩૫ |
| શીંગ જી૨૦ | ૯૦૦ | ૧૧૫૦ |
| એરંડા | ૧૨૬૩ | ૧૨૬૩ |
| જુવાર | ૫૦૬ | ૮૯૫ |
| બાજરી | ૪૧૧ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૭૨ | ૬૭૬ |
| અડદ | ૧૧૫૪ | ૧૩૯૮ |
| સોયાબીન | ૭૭૧ | ૮૧૦ |
| તલ સફેદ | ૧૮૨૦ | ૨૩૦૧ |
| તલ કાળા | ૩૧૮૦ | ૩૧૮૦ |
| ડુંગળી લાલજુ. | ૧૦૦ | ૯૧૩ |
| ડુંગળી લાલન. | ૧૦૦ | ૬૨૫ |
| ડુંગળી સફેદ | ૧૬૦ | ૧૩૦૦ |
| કપાસ શંકર | ૮૧૫ | ૧૪૫૧ |
| નાળીયેર | ૫૬૦ | ૨૩૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળીજીર૦ | ૭૮૬ | ૧૨૦૨ |
| મગફળી૩૨નં | ૭૦૦ | ૧૦૧૨ |
| બાજરી | ૪૫૦ | ૫૪૫ |
| ઘઉં | ૪૮૦ | ૬૩૪ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૧૮ |
| સફેદતલ | ૨૦૦૦ | ૨૩૧૮ |
| કાળાતલ | ૩૦૫૦ | ૩૭૦૫ |
| સોયાબીન | ૬૩૬ | ૮૮૧ |
| જુવાર | ૬૫૦ | ૮૧૪ |
| અડદ | ૬૪૦ | ૧૫૩૨ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૧૪ |
| કપાસ | ૯૦૦ | ૧૪૨૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| ઘઉં | ૪૦૦ | ૬૦૬ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૫૪૫ |
| તુવેર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| મગફળી | ૭૦૦ | ૧૧૦૯ |
| શિંગફાડા | ૯૦૦ | ૧૦૪૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૦૦ |
| મેથી | ૮૦૦ | ૯૫૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૨૨૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૧૨૦ |
| સોયાબીન | ૬૫૦ | ૮૨૫ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# રાજયમાં બેવડી ઋતુનો અનુભવ, વરસાદની કોઈ સિસ્ટમ સક્રિય નથી

**પવનની દિશા બદલાતા કેટલાક વિસ્તારમાં હળવા છૂટાછવાયા વરસાદી ઝાપટા વરસી શકે છે**

અમદાવાદ,તા.૧૮

ગુજરાત રાજયભરમાં હાલમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. કારણ કે દિવસ દરમિયાન જે પ્રકારે ગરમી અનુભવાય રહી છે તે પ્રકારે સૂર્યાસ્ત બાદ થોડા અંશે ઠંડકનો અહેસાસ પણ થાય છે. આ ઉપરાંત કેટલાક જિલ્લાઓમાં તો ત્રણ ઋતુનો અનુભવ એક સાથે થઈ રહ્યો છે. હજુ પણ આગામી પાંચ દિવસ દરમિયાન આ પ્રકારનું જ વાતાવરણ અનુભવાશે. જેમાં મોટેભાગે સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતાઓ છે. તે સાથે જ આગામી પાંચ દિવસ દરમિયાન ખાસ કરીને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. તદુપરાંત લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં પણ સામાન્ય કરતાં વધારો નોંધાયો છે. હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે. દાસના જણાવ્યા અનુસાર હાલમાં ગુજરાતના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે, જે આગામી પાંચ દિવસ દરમિયાન યથાવત રહેશે. આ ઉપરાંત ઉત્તર અને મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં સામાન્ય કરતાં તાપમાન પણ વધારે રહેશે. હાલમાં ગુજરાત ઉપર કોઈપણ પ્રકારની વરસાદી સિસ્ટમ સક્રિય નથી, પરંતુ પવનની દિશા બદલાતા કેટલાક વિસ્તારમાં હળવા છૂટાછવાયા વરસાદી ઝાપટા થઈ શકે છે.

# કેશોદથી અમદાવાદ સીધી હવાઈ સેવાનો તા.૨૯મીથી પ્રારંભ થશે

**સોમનાથ આવતા પ્રવાસીઓને થશે ફાયદો**




જૂનાગઢ,તા.૧૮

કેશોદમાં નવાબના સમયથી એરપોર્ટ આવેલું છે. પરંતુ, છેલ્લા કેટલાક વર્ષોથી એરપોર્ટ પર ફ્લાઈટની અવરજવર બંધ હતી. પરંતુ, થોડા સમય પહેલા જ કેશોદથી મુંબઈની ફ્લાઈટ શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ હવે અમદાવાદ-કેશોદ-દીવ ફ્લાઈટ શરૂ કરવાનો પણ નિર્ણય કરાયો છે. આગામી ૨૯મી ઓક્ટોબરથી આ ફ્લાઈટનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. તહેવાર હોય કે સામાન્ય દિવસો હોય મોટી સંખ્યામાં પ્રવાસીઓ જૂનાગઢ, સોમનાથ આવતા જતા રહેતા હોય છે. જેના માટે પ્રવાસીઓએ રોડ અથવા તો ટ્રેન વ્યવહારનો ઉપયોગ કરવો પડતો હોય છે. પરંતુ, હવે પ્રવાસીઓને અમદાવાદથી હવાઈ સુવિધા પણ મળી રહેશે. આગામી ૨૭ ઓક્ટોબરથી અમદાવાદ કેશોદ ફ્લાઈટનો પ્રારંભ થવા જઈ રહ્યો છે.

# ગોંડલના માર્કેટીંગ યાર્ડમાં મગફળીની પુષ્કળ આવક



ગોંડલ,તા.૧૮

ગોંડલ માર્કેટીંગ યાર્ડમાં મગફળીની પુષ્કળ આવક નોંધાઈ હતી. એક જ દિવસમાં ૬૦,૦૦૦થી વધુ ગૂણીની આવક થઈ હતી અને બિંદુ મગફળીની ૧૫૦૦ ગૂણીની આવક થઈ હતી. ખેડૂતોને ૯૦૦ થી ૧૩૦૦ સુધીના ભાવ મળ્યા હતા જયારે બિંદુ મગફળીના ૨૩૦૦ સુધીના ભાવ મળ્યા હતા. સૌરાષ્ટ્રના દરેક જિલ્લાના ખેડૂતો પોતાના મગફળી લઈને ગોંડલ આવતા હોય છે. હાલ આવક બંધ કરવામાં આવી છે જે રવિવારથી ફરી રાબેતા મુજબ શરૂ કરવામાં આવશે.

# ગીરગઢડાના નાના સમઢિયાળામાં માધ્યમિક શાળાનું ખાતમુહૂર્ત અને પ્રાથમિક શાળાનું લોકાર્પણ

ઉના, તા.૧૮

ગીરગઢડા તાલુકાના નાના સમઢિયાળા ગામે માધ્યમિક શાળાનું ખાતમુહૂર્ત અને પ્રાથમિક શાળાનું લોકાર્પણ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના હસ્તે કરવામાં આવ્યું હતું.



આ પ્રાથમિક શાળામાં રૂ.૮૦ લાખના ખર્ચે તૈયાર થયેલ ૪ ઓરડાઓનું લોકાર્પણ અને રૂ.૨ કરોડ ૧૬ લાખનાં ખર્ચે તૈયાર થનારી માધ્યમિક શાળાના બિલ્ડિંગનું ખાતમુહૂર્ત આજે કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન ડાયાભાઈ જાલોંધરા, ગીર સોમનાથ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન પ્રકાશભાઈ ટાંક, ગીરગઢડા તાલુકા પંચાયતનાં ઉપપ્રમુખનાં પ્રતિનિધિ ભીખાભાઈ કીડેચા, સરપંચ જયદીપસિંહ ગોહિલ, આગેવાનો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોંડલમાં શરદપૂનમના દિને ગુણાતીતાનંદ સ્વામીના જન્મોત્સવની રંગેચંગે ઉજવણી

ગોંડલ,તા.૧૮



બી.એ.પી.એસ. ના વડા મહંતસ્વામી મહારાજના સાંનિધ્યમાં અહીના શ્રી અક્ષર મંદિર ખાતે શરદપૂનમે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના ૨૪૦મા જન્મોત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી. આ પવિત્ર દિને મંદિરમાં સુંદર સુશોભન કરવામાં આવ્યું હતું તેમજ મંદિર અને અક્ષરદેરીમાં ઠાકોરજી સમક્ષ ભવ્ય કેકનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. વહેલી સવારથી જ ભક્તોનો પ્રવાહ અક્ષર મંદિર તરફ આવતો હતો. પૂ. મહંત સ્વામીએ શરદપૂનમની સવારે ઉપસ્થિત સૌ ભક્તોને પ્રાતઃ પૂજા દર્શન તેમજ આશીર્વચનથી કૃતાર્થ કર્યા હતા.

# અમરેલી સહિત સમગ્ર દેશમાં ઉજવાશે આજે મનુષ્ય ગૌરવ દિન



અમરેલી,તા.૧૮

અમરેલી સહિત સમગ્ર દેશમાં આજે પૂ.પાંડુરંગ શાસ્ત્રીજી આઠવલેનો જન્મદિવસ એટલે મનુષ્ય ગૌરવ દિનની ઉજવણી કરવામાં આવશે. પદ, પ્રતિષ્ઠા કે પાવર વગર પણ માણસની કિંમત છે. કેમ કે, માણસનું જીવન ભીંતરમાં રહીને ભગવાન ચલાવે છે. તે જ રીતે બીજાની અંદર ભગવાન છે તેથી સૌને એકબીજા વચ્ચે દૈવીસંબંધ છે. આ બંને સમજણથી માણસનું ખરું ગૌરવ ખીલે છે અને સંસ્કૃતિને નવું તેજ સાંપડે છે એટલે જ સંસ્કૃતિ જીર્ણોદ્ધારક પૂ.દાદાજીનો જન્મદિવસ સાર્થક રીતે મનુષ્ય ગૌરવ દિન મનાવે છે. મનુષ્ય ગૌરવ દિનની ઉજવણી સમગ્ર અમરેલી જિલ્લામાં સ્વાધ્યાય પરિવાર દ્વારા ભકિતફેરી કરીને ઉજવવામાં આવે છે. તા.૧૩થી ૧૮ ઓકટો. સુધી હજારો સ્વાધ્યાયીઓ પોતાનો સમય, ટિફીન અને ટિકિટ લઈ એકબીજાને પ્રેમથી મળ્યા હતા. પૂ.પાંડુરંગ શાસ્ત્રીજીનો જન્મદિવસ ગામડે ગામડે સ્વાધ્યાય પરિવાર દ્વારા ધામધૂમથી ઉજવવામાં આવે છે.

# રાજુલાના ગાયત્રી મંદિરે પંચકુંડી યજ્ઞ યોજાયો

રાજુલા, તા.૧૮



રાજુલામાં તળાવ કિનારે આવેલા ગાયત્રી મંદિરને શરદ પૂર્ણિમા નિમિત્તે ૩૬ વર્ષ પૂર્ણ થતાં પાટોત્સવમાં પંચકુડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી હાજર રહ્યા હતા. આ યજ્ઞમાં પ્રફુલભાઈ, જીગ્નેશભાઈ, હેમાંગભાઈ, ચિંતનભાઈ, નંદલાલભાઈએ આહુતિ આપી હતી. જેમાં મનોજભાઈ વ્યાસ, પ્રજ્ઞેશભાઈ ઉપાધ્યાય, અજયભાઈ પાઠક, ભરતભાઈ મહેતા, પ્રહલાદભાઈ જાની, મહેશભાઈ વ્યાસ, પ્રવિણભાઈ ત્રિવેદીએ યજ્ઞ અને ભોજન સમારંભનું આયોજન કરેલ હતું.

# સફળતા એ સ્થાન નથી એક યાત્રા છે, સતત નવું શિખવુ તે સફળતાનો આનંદ છે



સુરત, તા. ૧૮

વરાછા બેંકના ઓડીટોરીયમ ખાતે યોજાયેલા ૮૩મા થર્સ-ડે થોટ્સમાં કાનજીભાઈ આર. ભાલાળાએ જણાવ્યું હતું કે, જીવનમાં સફળતા અને સુખને સમજવાની જરૂર છે. ટેકનોલોજીના ફાઉન્ડર પ્રકાશભાઈ રાખોલીયા તથા ભરતભાઈ કોટડીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. યુવા ઉદ્યોગ સાહસિક પ્રકાશભાઈએ સફળતા અને સુખ વચ્ચેનો તફાવત સમજાવતા જણાવ્યું હતું કે, જીવનમાં સારા વિચારોનું બળ વધે ત્યારે તે ખરાબ વિચારોને નબળા પાડે છે. કલાક્ષેત્રે સફળતા મેળવનાર શ્રીમતી નયનાબેન કાત્રોડીયાએ રામમંદિર પ્રાણપ્રતિષ્ઠા સમયે સુરતમાં ૧૧૧૧૧ ચો.ફૂટ ક્ષેત્રમાં રંગોળી તૈયાર કરી હતી. જેને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે ત્યારે નયનાબેન સહિત સમગ્ર ટીમનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

# ઉનામાં શરદપૂર્ણિમાની રાત્રે કોળી સમાજનો ભવ્ય રાસોત્સવ યોજાયો

ઉના, તા.૧૮

ઉના શહેરના આનંદ વાટીકા ચોક ખાતે શ્રી નવયુવક કોળી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શરદ પૂર્ણિમાની રાત્રે સમસ્ત કોળી સમાજના રાસ-ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. આ રાસ-ગરબામાં ઉના શહેર અને તાલુકાના ગામોમાંથી કોળી સમાજનાં ભાઈઓ તથા બહેનોએ રાસની રમઝટ બોલાવી હતી.



આ પ્રસંગે તમામ લોકો માટે નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કોળી સમાજના વિવિધ સંગઠનો, હાદ્દેદારો, આગેવાનો, યુવાનો, વડિલો સહિતના મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને તેમનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમાજમાં વ્યસન મુક્તિ, ખોટા ખર્ચથી બચવા અને શિક્ષણ પર ભાર મૂકવા આહ્વાન કરીને સમાજને એક થઈને રહેવા સંદેશો આપ્યો હતો.


**पी एम श्री स्कूल जवाहर नवोदय विघालय, मोटा भंडारिया, अमरेली**

**वॉक-इन-इंटरव्यू**

पी एम श्री स्कूल जवाहर नवोदय विघालय, मोटा भंडारिया, अमरेली में पूर्णत: संविदा आधारित PGT- COMMERCE की आवश्यकता है, जिसके लिए समेकित वेतन रु 35,750/- प्रतिमाह निर्धारित है। उम्मीदवार को अंग्रेजी में धाराप्रवाह होना चाहिए, विषय का गहन ज्ञान होना चाहिए, तथा मान्यता प्राप्त विश्वविघालय से न्यूनतम 50% अंकों के साथ M.Com और B.Ed की डिग्री होनी अनिवार्य है। इच्छुक उम्मीदवार 22/10/2024 को प्रातः11:00 बजे अपने आवश्यक दस्तावेजों और बायोडाटा के साथ प्रधानाचार्य कार्यालय, जवाहर नवोदय विघालय, अमरेली में वॉक-इन-इंटरव्यू के लिए उपस्थित हो ।

श्री विजयकुमार भोस
प्राचार्य जनवि अमरेली


**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં**

મું.રાજુલા.

જન્મ/ મરણ અરજી નંબર/૩૩૦/ ૨૦૨૪

અરજદાર :-શ્રી જોળીયા ઠાકોરભાઈ કરશનભાઈ
સરનામું :- રહે.ચાંચ બંદર, તા.રાજુલા, જિ.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટાર અને તલાટી -કમ- મંત્રીશ્રી, ચાંચ બંદર, તા.રાજુલા, જી. અમરેલી

**:: નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં ચાંચ બંદર ગામના શ્રી જોળીયા ઠાકોરભાઈ કરશનભાઈ એ તેમના સંતાન નામે તેજલબેન ઠાકોરભાઈ જોળીયા જન્મ તા. ૨૦/૦૫/૨૦૧૨ તથા કનકબેન ઠાકોરભાઈ જોળીયા જન્મ તા. ૧૮/૦૩/૨૦૧૫ ના રોજ ચાંચ મુકામે થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલશ્રી પી.પી. સરવૈયા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજૂ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે ૯ સને ૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.:- ૧૦/૯/૨૦૨૪

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા

**રાજુલાનાં મહે.એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં**

મું.રાજુલા.

જન્મ મરણ અરજી નં.૪૨૯/ ૨૦૨૪

અરજદાર :- દાનાભાઈ માધાભાઈ ઢોલા
ઉ.વ.:૩૫, ધર્મેઃ હિન્દુ, ધંધોઃ ખેતી,
રહે : મું માંડળ, તા. રાજુલા, જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી -કમ- મંત્રીશ્રી, ગામઃ માંડળ, તા. રાજુલા, જી.અમરેલી.

**:: જાહેર નોટીસ ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં માંડળ ગામના રહીશ શ્રી દાનાભાઈ માધાભાઈ ઢોલાએ તેમની પુત્રી આરુષિબેન નો જન્મ તા.૧૬/૦૪/૨૦૧૦ નાં રોજ રાજુલા તાલુકાના માંડળ ગામે જન્મ થયેલ છે. અને તેની નોંધણી માંડળ ગામના ગ્રામપંચાયત માં નોંધણી નોઃ૪૪૬ થી થયેલ છે જેમાં તેનું નામ દયાબેન છે જે સુધારીને આરુષિબેન કરવા માટે અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી વકીલ શ્રી એ.આર.બલદાણિયા મારફત અરજ કરેલ છે, તો આ કામના સામાવાળાનાં જન્મ-મરણની નોંધ રજીસ્ટરમાં નામ સુધારી આપવા સામે કોઈને પણ વાંધો તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તા.૯ માહે ૧૦ સને.૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી ને આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.:- ૯/૧૦/૨૦૨૪

કોર્ટનો સિક્કો

સહી.
એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ રાજુલા

**:: હોડીના કોલમાં તથા લાઈસન્સમાં નામ સુધારા જાહેર પ્રસિધ્ધિ ::**

**સોગંદનામું**

આથી હું નીચે સહી પ્રેમજીભાઈ ખીમાભાઈ વાજાં, ઉ.વ.આ.૪૫, ધંધો.મચ્છીમારી, રહે. મુળ દ્વારકા, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ વાળા તે મારા સત્ય ધર્મના સોગંદ ઉપર જાહેર કરૂ છુ કે.....

અમો સોગંદકર્તાની હોડીનું નામ મેકરણ દાદા છે. જેના રજી.નં. **IND-GJ-32-MO-5397 AND DATE 23-08-2021** અને મારા લાઈસન્સ નં **GJ/L/95374** આમ મારા લાઈસન્સ તથા હોડીના કોલમાં અમો સોગંદકર્તાનું નામ પ્રેમજી ખીમજી વાંજા લખાયેલ છે. અમો અભણ અને અજ્ઞાન વ્યકિત હોય, અને મારા બીજા તમામ ડોકયુમેન્ટ જેવા કે, આધારકાર્ડ, રેશનકાર્ડ, ચુંટણીકાર્ડ, બેંકપાસ બુક વિગેરે જેવા તમામ ડોકયુમેન્ટ માં અમો સોગંદકર્તાનું નામ પ્રેમજીભાઈ ખીમાભાઈ વાંજા લખાયેલ છે. હકીકત અમો સોગંદકર્તાનું નામ પ્રેમજીભાઈ ખીમાભાઈ છે.

અમો આ સોગંદનામાનો ઉપયોગ અમોને અમોની હોડીના લાઈસન્સ રીન્યુ કરવા માટે રજુ કરવાનું હોય પરંતુ અમો સોગંદકર્તાનું હકીકતમાં નામ પ્રેમજીભાઈ ખીમાભાઈ વાંજા છે. પરંતુ અમો સોગંદકર્તાની હોડીના કોલ તથા લાઈસન્સમાં શરતચુકથી મારૂ નામ પ્રેમજીભાઈ ખીમજીભાઈ વાંજા લખાયેલ છે. જેથી મારા હોડીના કોલમાં તથા લાઈસન્સમાં નામ સુધારવા માટે આ સોગંદનામું કરવાની ફરજ પડેલ છે. આ સોગંદનામું મારે ફીશરીઝ ઓફીસ વેરાવળ ખાતે રજુ કરવાનું થતું હોય. આ ખોટું સોગંદનામું કરવું તે ફોજદારી ગુન્હો બને છે. તેની મને જાણ અને સમજ છે.

સોગંદકર્તાની સહી

સહિ,

સ્થળ. કોડીનાર
તા. ૧૬/૧૦/૨૦૨૪

(પ્રેમજી ખીમા)

**:: હોડીના કોલમાં તથા લાઈસન્સમાં નામ સુધારા જાહેર પ્રસિધ્ધિ ::**

**સોગંદનામું**

આથી હું નીચે સહી લોઢારી સુરજભાઈ પ્રભુદાસ, ઉ.વ.આ.૪૮, ધંધો.મચ્છીમારી, રહે.મુળ દ્વારકા, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ વાળા તે મારા સત્ય ધર્મના સોગંદ ઉપર જાહેર કરૂ છુ કે.....

અમો સોગંદકર્તાની હોડીનું નામ માં ખોડીયાર છે. જેના રજી. નં.**IND-GJ-32-MO-5358 AND DATE 23-08-2021** અને મારા લાઈસન્સ નં.**GJ/L/94998** આમ મારા લાઈસન્સ તથા હોડીના કોલમાં અમો સોગંદકર્તાનું નામ લોઢારી સુરેશભાઈ પ્રભુદાસ લખાયેલ છે. અમો અભણ અને અજ્ઞાન વ્યકિત હોય, અને મારા બીજા તમામ ડોકયુમેન્ટ જેવા કે, આધારકાર્ડ, રેશનકાર્ડ, ચુંટણીકાર્ડ, બેંકપાસ બુક તથા મારા સંતાનોના સ્કુલ લીવીંગ સટીફીકેટમાં વિગેરે જેવા તમામ ડોકયુમેન્ટ માં અમો સોગંદકર્તાનું નામ લોઢારી સુરજભાઈ પ્રભુદાસ લખાયેલ છે. હકીકત અમો સોગંદકર્તાનું નામ લોઢારી સુરજભાઈ પ્રભુદાસ છે.

અમો આ સોગંદનામાનો ઉપયોગ અમોને અમોની હોડીના લાઈસન્સ રીન્યુ કરવા માટે રજુ કરવાનું હોય પરંતુ અમો સોગંદકર્તાનું હકીકતમાં નામ લોઢારી સુરજભાઈ પ્રભુદાસ છે. પરંતુ અમો સોગંદકર્તાની હોડીના કોલ તથા લાઈસન્સમાં શરતચુકથી મારૂ નામ લોઢારી સુરેશભાઈ પ્રભુદાસ લખાયેલ છે. જેથી મારા હોડીના કોલમાં તથા લાઈસન્સમાં નામ સુધારવા માટે આ સોગંદનામું કરવાની ફરજ પડેલ છે. આ સોગંદનામું મારે ફીશરીઝ ઓફીસ વેરાવળ ખાતે રજુ કરવાનું થતું હોય. આ ખોટું સોગંદનામું કરવું તે ફોજદારી ગુન્હો બને છે. તેની મને જાણ અને સમજ છે.

સોગંદકર્તાની સહી

સહિ,

સ્થળ. કોડીનાર
તા. ૧૬/૧૦/૨૦૨૪

(સુરજ પ્રભુદાસ)

# ગુજરાત સહિત દેશના અનેક રાજયના રાજયપાલોની મુદ્દત થઈ પુરી, ગમે ત્યારે બદલવાની તૈયારીઓ

**રામ માધવને જમ્મુ-કાશ્મીરના રાજયપાલની જવાબદારી અપાય તેવી સંભાવના**

ન્યુ દિલ્હી,તા.૧૮

દેશમાં ચૂંટણીઓની ફરી શરૂ થયેલી મોસમ વચ્ચે હવે શાસનમાં મહત્વની ભૂમિકા ભજવતા રાજયપાલો અને ઉપરાજયપાલોને બદલવાની તૈયારી છે. ગુજરાત સહિતના રાજયપાલોની નિયુક્તિની મુદત પુરી થઈ છે. જો કે રાજયપાલો તેમની મુદત બાદ પણ જયાં સુધી રાષ્ટ્રપતિ બીજો આદેશ ન કરે ત્યાં સુધી પોતાના હોદ્દા પર ફરજ બજાવી શકે છે. પણ બદલાયેલ રાજકીય ચિત્રમાં જમ્મુ-કાશ્મીરમાં કેન્દ્ર સરકાર હવે લેફ.ગવર્નર મનોજ સિન્હાને યથાવત રાખે કે પછી આ રાજયમાં ભાજપ માટે 'ભૂમિ' તૈયાર કરનાર રામ માધવને હવે જમ્મુ-કાશ્મીરની



જવાબદારી સોંપાઈ શકે છે. જમ્મુ-કાશ્મીરમાં કેન્દ્રશાસીત પ્રદેશ બન્યો છે અને ઉપરાજયપાલને અનેક મહત્વની સત્તાઓ અપાઈ છે. તેથી નવી ઉમર અબ્દુલ્લા સરકાર માટે શાસનમાં રાજયપાલને સાથે રાખવા ફરજીયાત થઈ જશે અને રામ માધવ રાજયના રાજકારણ અને ત્રાસવાદ સહિતના મુદ્દે ખુબ જ જાણકાર છે. ભાજપ લાંબાગાળાના આયોજનની જવાબદારી રામ માધવને સોંપી શકે છે. આ ઉપરાંત ગુજરાતના રાજયપાલની પણ મુદત પુરી થઈ છે. તેઓ ૨૦૧૮-૧૯થી રાજયપાલના પદ પર છે અને મુદત પણ પૂર્ણ થઈ છે.

# નવી સંસદ અને એરપોર્ટ વકફ બોર્ડની જમીન પર બન્યા હોવાનો દાવો કરાયો

**દિલ્હી વક્ફ બોર્ડે બદરુદ્દીન અજમલના દાવાને ફગાવી દીધો**

ન્યુ દિલ્હી,તા.૧૮



ઓલ ઈન્ડિયા યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટના વડા બદરુદ્દીન અજમલનો સંસદ અને એરપોર્ટ અંગેનો દાવો ૨૪ કલાક પણ ટકી શક્યો નથી. આ મામલામાં દિલ્હી વક્ફ બોર્ડના સૂત્રોની વાત માનીએ તો તેમની પાસે એવો કોઈ દસ્તાવેજ નથી જે સાબિત કરી શકે કે સંસદ અને એરપોર્ટ વકફની જમીન પર બનેલ છે. સાથે જ કોંગ્રેસે બદરુદ્દીન અજમલના આ નિવેદન પર પણ સવાલો ઉઠાવ્યા છે. કોંગ્રેસના સાંસદ ઈમરાન પ્રતાપગઢીએ કહ્યું કે જો તેમની પાસે તેમના દાવા અંગે કોઈ પુરાવા છે તો તેમણે જેપીસી સમક્ષ રજૂ કરવા જોઈએ. આ પહેલા બદરુદ્દીન અજમલે આરોપ લગાવીને વિવાદ ઉભો કર્યો હતો કે દિલ્હીમાં સંસદ ભવન અને તેની આસપાસના વિસ્તારો, જેમાં વસંત વિહાર અને એરપોર્ટ પણ થઈ રહ્યું છે. આ તમામ વકફ બોર્ડની મિલકત પર બાંધવામાં આવ્યા છે. દિલ્હી વક્ફ બોર્ડે બદરુદ્દીન અજમલના દાવાને ફગાવી દીધો છે.

# દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર હવે ગંભીર શ્રેણીમાં પહોચ્યું

ન્યુ દિલ્હી,તા.૧૮



દિલ્હીમાં પ્રદૂષણનું સ્તર હવે અત્યંત ખરાબથી ગંભીરની શ્રેણીમાં પહોંચી ગયું છે. સતત પાંચમા દિવસે એટલે કે શુક્રવારે રાષ્ટ્રીય રાજધાનીમાં એક ડઝનથી વધુ વિસ્તારોમાં પ્રદૂષણનું સ્તર સવારે લગભગ ૬ વાગ્યે ગંભીર શ્રેણીમાં પહોંચી ગયું હતું. ITI જહાંગીરપુરી અને મુંડકામાં સૌથી વધુ AQI નોંધાયો હતો. બંને સ્થળોએ AQI અનુક્રમે ૪૬૭ અને ૪૪૫ હતો. દિલ્હીવાસીઓને ગુરુવારે સતત ચોથા દિવસે 'ખરાબ' હવાની ગુણવત્તાનો સામનો કરવો પડ્યો હતો. ગુરુવારે, રાષ્ટ્રીય રાજધાનીમાં ૧૩ મોનિટરિંગ કેન્દ્રોના સૂચકાંકો 'રેડ ઝોન'માં નોંધાયા હતા.

# જયપુરમાં આરએસએસના કાર્યક્રમમાં પિતા-પુત્રનો છરી વડે હુમલો : ૮ ઘાયલ

જયપુર,તા.૧૮

રાજસ્થાનના જયપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે દરમિયાન ચપ્પા અને દંડા વડે હુમલો કરવામાં આવતા અનેક લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી મળી રહી છે. આ હુમલો ગુરુવારે મોડી રાતે શરદ પૂર્ણિમાના અવસરે જયપુરમાં કરણી વિહાર વિસ્તારમાં ખીર વિતરણ કાર્યક્રમ દરમિયાન કરાયો હતો. જેમાં ચપ્પા અને દંડા વડે હુમલો કરવામાં આવ્યો હોવાની જાણકારી છે. આ હુમલામાં સાતથી આઠ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. જયપુરના



શિવ મંદિરમાં સંઘનો ખીર ઉત્સવ ચાલી રહ્યો હતો. આ દરમિયાન સંઘના કાર્યકરો સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. જ્યારે પાડોશમાં રહેતા એક વ્યક્તિએ તેમનો વિરોધ કર્યો તો સંઘ કાર્યકર્તાઓએ હનુમાન ચાલીસા શરૂ કરી દીધું. ત્યારપછી સંઘના કાર્યક્રમમાં પિતા-પુત્ર આવ્યા અને હુમલો શરૂ કરી દીધો હતો. જેમાં સંઘના ૭-૮ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, નિમ્બાર્ક નગરના સંઘ કાર્યકર્તાઓ શરદ પૂર્ણિમા પર્વની ઉજવણી કરી રહ્યા હતા. આ ઘટના બાદ વિસ્તારમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા, જેના પગલે કાયદો અને વ્યવસ્થાને નિયંત્રણમાં રાખવા માટે કરણી વિહારમાં ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું હતું.

# લોરેન્સ સાથે દુશ્મની પતાવવા સલમાન ખાન પાસે પાંચ કરોડની ખંડણી મંગાઈ

**ધમકી બાદ સલમાનખાનની સુરક્ષામાં વધારો કરાયો**



મુંબઈ,તા.૧૮

બાબા સિદ્દીકીની હત્યાના છ દિવસ બાદ અભિનેતા સલમાન ખાનને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. આ ધમકી મુંબઈ ટ્રાફિક કંટ્રોલ રૂમને વોટ્સએપ મેસેજ દ્વારા મોકલવામાં આવી છે. ધમકી આપનારે પોતાને લોરેન્સ ગેંગનો સભ્ય ગણાવ્યો છે. મુંબઈ પોલીસના જણાવ્યા પ્રમાણે, ધમકીભર્યા મેસેજમાં લખવામાં આવ્યું હતું- આને હળવાશથી ન લેતા. જો સલમાન ખાને જીવિત રહેવું હોય અને લોરેન્સ સાથેની દુશ્મની ખતમ કરવી હોય તો તેણે ૫ કરોડ રૂપિયા ચૂકવવા પડશે. જો પૈસા નહીં આપવામાં આવે તો સલમાન ખાનની હાલત બાબા સિદ્દીકી કરતાં પણ ખરાબ થઈ જશે. સલમાનના નજીકના સાથી અને NCP નેતા બાબા સિદ્દીકીની ૧૨ ઓક્ટોબરે હત્યા કરવામાં આવી હતી. આ પછી સલમાનની સુરક્ષા વધારી દેવામાં આવી હતી.

# ઈશા ફાઉન્ડેશન સામે બે છોકરીઓને ગોંધી રાખવાનો કેસ ફગાવી દેતી સુપ્રીમ

ન્યુ દિલ્હી,તા.૧૮

સુપ્રીમ કોર્ટે સદગુરુ જગ્ગી વાસુદેવના ઈશા ફાઉન્ડેશન સામે બે છોકરીઓને બંધક બનાવવાનો કેસ બંધ કરી દીધો છે. CJI DY ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે શુક્રવારે કહ્યું કે, મદ્રાસ હાઈકોર્ટ માટે આવી અરજી પર તપાસનો આદેશ આપવો યોગ્ય નથી. આશ્રમ પર પોલીસની રેડ પણ ખોટી હતી. કોર્ટે કહ્યું કે, છોકરીઓના પિતાની અરજી ખોટી છે, કારણ કે બંને છોકરીઓ પુખ્ત છે, જ્યારે તેઓ આશ્રમમાં ગયા ત્યારે તેમની ઉંમર ૨૭ અને ૨૪ વર્ષની હતી. તે પોતાની મરજીથી આશ્રમમાં રહે છે. કોર્ટે એમ પણ કહ્યું કે આ નિર્ણયની અસર માત્ર આ કેસ પૂરતી જ સીમિત રહેશે. નિવૃત્ત પ્રોફેસર એસ કામરાજે ઈશા ફાઉન્ડેશન વિરુદ્ધ મદ્રાસ હાઈકોર્ટમાં અરજી કરી હતી. તેણે આરોપ લગાવ્યો હતો કે



તેની પુત્રીઓ લતા અને ગીતાને આશ્રમમાં બંધક રાખવામાં આવી હતી. ૩૦ સપ્ટેમ્બરે હાઈકોર્ટે આ કેસની તપાસ અને ઈશા ફાઉન્ડેશન સાથે સંબંધિત તમામ ગુનાહિત કેસોની વિગતો રજૂ કરવાનો આદેશ આપ્યો હતો. બીજા દિવસે, ૧ ઓક્ટોબરના રોજ, લગભગ ૧૫૦ પોલીસકર્મીઓ ફાઉન્ડેશનના મુખ્યાલય પર પહોંચ્યા હતા. સદગુરુએ હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. ૩ ઓક્ટોબરે સુપ્રીમ કોર્ટે ફાઉન્ડેશન વિરુદ્ધ પોલીસ તપાસના મદ્રાસ હાઈકોર્ટના આદેશ પર રોક લગાવી દીધી હતી.

# બિહારમાં બસ પર બેઠેલા લોકોને વીજશોક લાગ્યો : ૬ ઘાયલ



વૈશાલી,તા.૧૮

બિહારના વૈશાલી જિલ્લામાં હાઈ ટેન્શન વાયરને કારણે ૬ લોકો ઘાયલ થયાની ઘટના સામે આવી છે. બધા સ્મશાનમાંથી પાછા ફરી રહ્યા હતા. આ દરમિયાન ૧૧૦૦૦ કિલોવોટ કરંટ લાગવાથી બસની છત પર બેઠેલા ૬ લોકો ઘાયલ થયા હતા. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો દોડી આવી ઘાયલોને સદર હોસ્પિટલમાં લઈ ગયા. આ સમયે, ઈલેક્ટ્રિક શોકના કારણે ઈજાગ્રસ્ત થયાની માહિતી મળતા જ હોસ્પિટલ પરિસરમાં લોકોના ટોળા ઉમટી પડ્યા હતા.

# જમ્મુ-કાશ્મીરને રાજયનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો પ્રસ્તાવ પસાર

**કેબિનેટની બેઠકમાં મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સહિતના મંત્રીઓ હાજર**



જમ્મુ,તા.૧૮

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાની કેબિનેટે જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાનો પ્રસ્તાવ પસાર કર્યો છે. ગુરુવારે મળેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર ઓમર ૨ દિવસમાં દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળશે અને તેમને પ્રસ્તાવનો ડ્રાફ્ટ સોંપશે. ઓમરે વિધાનસભા ચૂંટણી દરમિયાન એમ પણ કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાના પ્રસ્તાવને કેબિનેટની પ્રથમ બેઠકમાં જ મંજૂરી આપવામાં આવશે. ૧૬ ઓક્ટોબરે સીએમ તરીકે શપથ લીધા બાદ બીજા જ દિવસે તેમણે ઠરાવ પસાર કર્યો હતો. કેબિનેટની બેઠકમાં ડેપ્યુટી સીએમ સુરેન્દ્ર ચૌધરી, મંત્રીઓ સકીના મસૂદ ઈટુ, જાવેદ અહેમદ રાણા, જાવિદ અહેમદ ડાર અને સતીશ શર્મા પણ હાજર હતા.

# ઉત્તરાખંડની સરકારનો મદરેસાઓમાં સંસ્કૃત ભાષા ફરજિયાત કરવાનો નિર્ણય

દહેરાદૂન,તા.૧૮

ઉત્તરાખંડની પુષ્કર સિંહ ધામી સરકારે મદરેસાઓમાં સંસ્કૃત ભાષા ફરજિયાત બનાવવાનો નિર્ણય લીધો છે. ટૂંક સમયમાં જ ઉત્તરાખંડની મદરેસાઓમાં બાળકો સંસ્કૃત ભણતા જોવા મળશે, આ માટે પંડિત વિદ્યાર્થીઓને શિક્ષણ આપશે. ધામી સરકારના આ નિર્ણય પર પ્રતિક્રિયાઓનો રાઉન્ડ શરૂ થઈ ગયો છે. ઉત્તરાખંડ મદરેસા એજ્યુકેશન બોર્ડની આ પહેલ પછી સહારનપુરમાં મદરેસા સંચાલકોએ કહ્યું કે તેમાં કોઈ નુકસાન નથી.



વ્યક્તિ ગમે તેટલી ભાષાઓ, જ્ઞાન અને કૌશલ્ય મેળવે તે મહત્વનું નથી. આમાં માણસની પોતાની બુદ્ધિમાં વૃદ્ધિ થાય છે. જો સરકાર આવું પગલું ભરી રહી છે, જો સરકાર ધાર્મિક અને ઈસ્લામિક શિક્ષણની સાથે વિશેષતા પ્રદાન કરવા માંગતી હોય તો તેમાં કોઈ નુકસાન નથી.

# શિંદે સરકારને આચારસંહિતા મામલે અહેવાલ રજૂ કરવા ચૂંટણી પંચનું ફરમાન

મુંબઈ,તા.૧૮

મહારાષ્ટ્રમાં હવે ચૂંટણી નજીક છે ત્યારે ચૂંટણી પંચે મહારાષ્ટ્ર સરકારને મોટો ઝટકો આપ્યો છે. ચૂંટણી પંચે શિંદે સરકાર દ્વારા વિધાનસભા ચૂંટણી માટે આદર્શ આચારસંહિતા લાગુ થયા પહેલા કરવામાં આવેલી નિમણૂકો અને ઉતાવળે લેવાયેલા નિર્ણયોને આદર્શ આચારસંહિતા લાગુ થયા બાદ અમલમાં લાવવાને આચારસંહિતાનું ઉલ્લંઘન ગણાવ્યું છે. આ સાથે આચારસંહિતા લાગુ રહે ત્યાં સુધી નિર્ણય-નિમણૂકને



યથાવત્ રાખવાનો આદેશ આપ્યો પણ સરકારે તેનું અમલ ન કર્યો અને નિર્ણયો લાગુ કરી દીધા અને ટેન્ડર પણ જાહેર કરી દીધા. જેને ચૂંટણી પંચે આચાર સંહિતાનું ઉલ્લંઘન ગણાવતા આ મામલે ગંભીરતા દાખવી અને શિંદે સરકારને વિસ્તૃત અહેવાલ રજૂ કરવા ફરમાન કર્યું છે.

# ન્યુઝીલેન્ડ સામેની ટેસ્ટમાં ભારતની વળતી લડત : ૨૩૧/૩, હજુ ૧૨૫ રન પાછળ

બેંગલુરૂ,તા.૧૮



ન્યુઝીલેન્ડ સામે બેંગલુરુ ટેસ્ટની બીજી ઈનિંગમાં ભારતે જોરદાર રમત બતાવી છે. શુક્રવારે ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં ટીમે ૩ વિકેટના નુકસાન પર ૨૩૧ રન બનાવી લીધા છે. ટીમ ઈન્ડિયા હજુ પણ ૧૨૫ રન પાછળ છે. સરફરાઝ ખાન ૭૦ રને અણનમ પરત ફર્યો હતો. દિવસના છેલ્લા બોલ પર વિરાટ કોહલી આઉટ થયો હતો. તે વિકેટકીપર ટોમ બ્લંડેલના હાથે ગ્લેન ફિલિપ્સની બોલિંગમાં કેચ આઉટ થયો હતો. કોહલી અને સરફરાઝ વચ્ચે ત્રીજી વિકેટ માટે ૧૩૬ રનની પાર્ટનરશિપ થઈ હતી. કોહલી ૭૦, રોહિત શર્મા ૫૨ અને યશસ્વી જયસ્વાલ ૩૫ રન બનાવીને આઉટ થયા હતા. એજાઝ પટેલે ૨ અને ગ્લેન ફિલિપ્સે ૧ વિકેટ લીધી હતી.

# હમાસ ચીફ યાહ્યા સિનવારની હત્યા બાદ ખતરનાક યુદ્ધની હિઝબુલ્લાહે આપી ધમકી

ગાઝા,તા.૧૮

ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં મોટો વળાંક આવ્યો છે. ઈઝરાયેલે ગયા વર્ષે ૭ ઓક્ટોબરે થયેલા આતંકવાદી હુમલાનો બદલો લીધો છે. હિઝબુલ્લાના ચીફ હસન નસરાલ્લાહ બાદ હવે ઈઝરાયલે હમાસના નેતા યાહ્યા સિનવરની હત્યા કરી નાખી છે. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ હમાસના વડા યાહ્યા સિનવારની હત્યાની સત્તાવાર પુષ્ટિ કરી છે. એક નિવેદનમાં ઈઝરાયેલના વડાપ્રધાને કહ્યું કે અમે "યાહ્યા સિનવાર" ને ખતમ કરી દીધો છે. યાહ્યા સિનવારના મોત બાદ આતંકી સંગઠન હિઝબુલ્લાહ પણ નારાજ થઈ ગયું છે. હિઝબુલ્લાહે કહ્યું કે તે ઈઝરાયેલ સામેના તેના યુદ્ધમાં નવા અને ઉગ્ર તબક્કા તરફ આગળ વધી રહ્યું છે, જ્યારે ઈરાને કહ્યું કે હમાસના નેતા યાહ્યા સિનવરની હત્યા બાદ



'પ્રતિરોધની ભાવના મજબૂત થશે'. આ દરમિયાન ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ પણ કહ્યું છે કે ઈઝરાયેલે તે વ્યક્તિ સાથે પોતાનો સ્કોર સેટલ કરી લીધો છે જેણે હોલોકોસ્ટ પછી આપણા લોકોના ઈતિહાસમાં સૌથી ખરાબ નરસંહાર કર્યો હતો. નેતન્યાહુએ કહ્યું કે હમાસના નેતા યાહ્યા સિનવરની હત્યા ગાઝામાં બંધકોને પરત લાવવાની 'લડાઈની મુખ્ય ક્ષણ' છે. તેમણે એમ પણ કહ્યું હતું કે જે કોઈ શસ્ત્રો સમર્પણ કરે છે અને બંધકોને પરત કરવામાં મદદ કરે છે તેને ગાઝામાંથી સુરક્ષિત રીતે જવા દેવામાં આવશે. નેતન્યાહુએ કહ્યું, 'અમારું યુદ્ધ હજી પૂરું થયું નથી.'

# બોમ્બની અફવા ફેલાવનારાઓ સામે કેન્દ્ર સરકાર કડક કાર્યવાહી કરશે

ન્યુ દિલ્હી,તા.૧૮



છેલ્લા ઘણા દિવસોથી ભારતથી ઉપડતી અને ભારત આવતી આંતરરાષ્ટ્રીય તેમજ ડોમેસ્ટિક ફ્લાઈટ્સમાં બોમ્બ હોવાના નનામા મેસેજોથી ખળભળાટ મચી ગયો છે. દેશના અનેક એરપોર્ટ પર ફ્લાઈટને બોમ્બથી ઉડાવવાની ધમકીઓ મળી રહી છે. ચાર દિવસમાં ૨૦થી વધુ ફ્લાઈટને બોમ્બથી ઉડાવવાની ધમકીએ પોલીસની ટીમ સહિત સાઈબર સુરક્ષા એજન્સીઓને પણ દોડતી કરી દીધી હતી. જોકે છેવટે તપાસ કર્યા બાદ ધમકીઓ અફવા હોવાનું સ્પષ્ટ થયું છે. આવી ઘટનાઓના કારણે અનેક ફ્લાઈટોમાં વિલંબ થયો છે, તો અનેક મુસાફરો પણ પરેશાન થયા છે, ત્યારે હવે કેન્દ્ર સરકારે ફ્લાઈટમાં બોમ્બની અફવા ફેલાવનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની તૈયારી શરૂ કરી દીધી છે. મીડિયા અહેવાલો મુજબ સાઈબર સુરક્ષા એજન્સીઓએ ખોટી અફવા ફેલાવનારા સોશિયલ મીડિયા એકાઉન્ટોને બ્લોક કરી દીધા છે.

# કચ્છથી ભાવનગર સુધીના દરિયાકિનારે ૬૮૦ ડોલ્ફીનનું અસ્તિત્વ જોવા મળ્યું



ગાંધીનગર,તા.૧૮

ગુજરાતના દરિયાકાંઠે હાથ ધરાયેલ ડોલ્ફીન ગણતરીમાં કચ્છથી ભાવનગર સુધીના દરિયાકિનારે ડોલ્ફીનનું અસ્તિત્વ નોંધાયું છે. ગુજરાતના ૪,૦૮૭ ચો.કિ.મી.ના દરિયાઈ વિસ્તારમાં અંદાજે ૬૮૦ ડોલ્ફીન નોંધાઈ છે. ગુજરાતમાં સૌથી વધુ ૪૯૮ ડોલ્ફીન ઓખાથી નવલખી સુધી વિસ્તરેલા મરીન નેશનલ પાર્ક એન્ડ મરીન સેન્ચુરીના વિસ્તારમાં હોવાની સંભાવના છે. ગુજરાતના દરિયાકાંઠે જોવા મળતી ડોલ્ફીન ઈન્ડિયન ઓસીન હમ્પબેક ડોલ્ફીન પ્રજાતિની છે. ડોલ્ફીન સેન્સસ ૨૦૨૪ વિશે વિગતો આપતાં વન મંત્રી મૂળુભાઈએ કહ્યું હતું કે ઓખાથી નવલખી સુધી વિસ્તરેલા કચ્છના અખાતની દક્ષિણે ૧,૩૮૪ ચોરસ કિલોમીટરના પ્રદેશમાં સૌથી વધુ ૪૯૮ ડોલ્ફીન જોવા મળી હતી, જે મરીન નેશનલ પાર્ક તરીકે ઓળખાય છે. દરિયાઈ અભયારણ્ય કચ્છના અખાતની ઉત્તરે ૧,૮૨૧ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ૧૬૮ ડોલ્ફીન જોવા મળી હતી. ભાવનગરના ૪૯૪ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ૧૦ ડોલ્ફીન નોંધાઈ હતી, જ્યારે મોરબીના ૩૮૮ ચોરસ કિલોમીટર વિસ્તારમાં ચાર ડોલ્ફીન મળી આવી હતી.

# દેશમાં કેમિકલ્સ-પેટ્રોકેમિકલ્સની કુલ નિકાસના ૩૧ ટકા શેર સાથે ગુજરાત પ્રમુખ નિર્યાતકાર રાજ્ય

મુંબઈ,તા.૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું છે કે, ગુજરાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં પાછલા બે દશકમાં કેમિકલ અને પેટ્રોકેમિકલ સેક્ટરમાં અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યુ કે, સુદ્રઢ ઔદ્યોગિક અને લોજિસ્ટીક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પરિણામે ગુજરાત ભારતનું પેટ્રો કેપિટલ - પેટ્રો હબ બની શક્યુ છે. મુખ્યમંત્રીએ ૨૦૨૩-૨૪ના વર્ષમાં દેશમાંથી કેમિકલ્સ-પેટ્રોકેમિકલ્સની કુલ નિકાસના ૩૧ ટકા શેર સાથે ગુજરાત પ્રમુખ નિર્યાતકાર રાજ્ય બન્યુ છે તેનો પણ વિશેષ ઉલ્લેખ કર્યો હતો. ભારત સરકારના કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર મંત્રાલય તથા ડિપાર્ટમેન્ટ ઓફ કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ દ્વારા મુંબઈમાં ત્રિદિવસીય ઈન્ડિયા કેમ-૨૦૨૪નું આયોજન કરવામાં



આવ્યુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ દ્વિવાર્ષિક આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને પરિષદના ૧૩મા સંસ્કરણમાં સહભાગી થયા હતા. કેન્દ્રીય આરોગ્ય પરિવાર કલ્યાણ તથા કેમિકલ એન્ડ ફર્ટીલાઈઝર મંત્રી જગત પ્રકાશ નડ્ડા, રાજ્યમંત્રી શ્રીમતી અનુપ્રિયા પટેલ તેમજ મધ્યપ્રદેશ અને ઓડિશાના મુખ્યમંત્રીઓ પણ ઈન્ડિયા કેમ-૨૦૨૪માં જોડાયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતે કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ સેક્ટરમાં લીડીંગ સ્ટેટ તરીકે મેળવેલી ઉપલબ્ધિઓની પ્રભાવક પ્રસ્તુતિ આ કોન્ફરન્સમાં કરી હતી.

# મોરબી બ્રીજ દુર્ઘટનામાં સીબીઆઈ તપાસની માંગ હાઈકોર્ટે ફગાવી



અમદાવાદ,તા.૧૮

ઓરેવા કંપનીને પુલનો કોન્ટ્રાક્ટ સોંપવામાં તત્કાલિન કલેક્ટરની ભૂમિકાની તપાસ કરવાની માંગ કરતી મોરબી બ્રિજ તૂટી પડવાના કેસના એક પીડિત દ્વારા દાખલ કરાયેલી અરજીનો ગુરુવારે ગુજરાત હાઈકોર્ટની ખંડપીઠે નિકાલ કર્યો હતો. પીડિતે સીબીઆઈ જેવી સ્વતંત્ર એજન્સી દ્વારા તપાસની પણ માંગ કરી હતી જેને હાઈકોર્ટે સ્વીકારી ન હતી. મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ અને ન્યાયાધીશ પ્રણવ ત્રિવેદીની બેંચ ૩૦ ઓક્ટોબર, ૨૦૨૨ ના રોજ બનેલી દુર્ઘટનાના પીડિત પુત્ર દિલીપ ચાવડાની અરજી પર સુનાવણી કરી રહી હતી. આ ઘટનામાં ૫૦ બાળકો સહિત ૧૩૫ લોકો મૃત્યુ પામ્યા હતા. હાઈકોર્ટે અવલોકન કર્યું કે, અરજી ખોટી માન્યતા આધારિત છે. અમે પીડિતોના પુનર્વસન સાથે ચિંતિત છીએ અને આદેશો આ દિશામાં છે. પીડિતોને સતત વળતર પૂરૂ પાડવા માટે ઘણા પ્રયત્નો કરવામાં આવ્યા છે.

# પાંચમા નેશનલ વોટર એવોર્ડમાં સુરત સમગ્ર દેશમાં અવ્વલ નંબરે



સુરત,તા.૧૮

ભારત સરકારના જળશક્તિ મંત્રાલય, ડિપાર્ટમેન્ટ ઓફ વોટર રિસોર્સ, રિવર ડેવલપમેન્ટ અને ગંગા રિઝુવેનેશન દ્વારા પાંચમા નેશનલ વોટર એવોર્ડ-૨૦૨૩ની જાહેરાત કરાઈ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા 'બેસ્ટ અર્બન લોકલ બોડી' કેટેગરીમાં 'ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ કન્ઝર્વેશન ઓફ નેચરલ રિસોર્સ એન્ડ મેકિંગ સિસ્ટમ સેલ્ફ સસ્ટેનેબલ ટુ સેલ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર' વિષય સાથે દાવેદારી નોંધાવવામાં આવી હતી. દરમિયાન જળશક્તિ મંત્રાલય દ્વારા વિજેતાઓ જાહેર કરાયા છે. જે અન્વયે બેસ્ટ અર્બન લોકલ બોડી કેટેગરીમાં સુરત મહાનગરપાલિકા સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે વિજેતા જાહેર કરાઈ છે. આ અંગે સુરત મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે જણાવ્યું હતુ કે, ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટ મારફત ગંદા પાણીને શુદ્ધ કરી અંદાજિત ૧૧૫ એમએલડી પાણી ઉદ્યોગને પૂરું પાડી વર્ષે ૧૪૧ કરોડની આવક કરે છે.

# ભાજપના ધારાસભ્ય સામે ફરિયાદ નોંધવામાં આવશે : રાજ્ય સરકારની ખાતરી



પ્રાંતિજ,તા.૧૮

ભાજપના પ્રાંતિજના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર સામે દુષ્કર્મની કથિત ફરિયાદ દાખલ કરવામાં આવશે એમ રાજ્ય સરકારના વકીલ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં ખાતરી આપવામાં આવી હતી. આ બાબતે આગામી સોમવારે વિગતો રજૂ કરશે. વર્ષ ૨૦૨૧ માં પીડિતા દ્વારા ગાંધીનગરના ડીજીપી અને પોલીસને ફરિયાદ આપી ધારાસભ્ય સામે દુષ્કર્મની ફરિયાદ નોંધવા માટે માંગણી કરાઈ હતી. તેમ છતાં ફરિયાદ નોંધવામાં નહિ આવતા પીડિતાએ હાઈકોર્ટમાં પિટિશન કરી હતી. ઉલ્ટાનું પોલીસે તેની રીતે બારોબાર આ પ્રકરણમાં તપાસ કરી ધારાસભ્યને કલીનચિટ્ આપી મહિલા બ્લેકમેઈલ કરી રહી હોવાનો રિપોર્ટ આપ્યો હતો. આ પ્રકરણમાં પોલીસ દ્વારા તપાસ બાદ ધારાસભ્યને કલીનચિટ્ આપવા મામલે હાઈકોર્ટની ફટકાર બાદ રાજ્ય સરકાર તરફથી ખાતરી આપવામાં આવી હતી કે, આ કેસમાં ધારાસભ્ય સામે તા.૨૧મી ઓકટોબર સુધીમાં ફરિયાદ નોંધવામાં આવશે. જેથી જસ્ટિસ નિરલ આર.મહેતાએ સરકારપક્ષને ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર વિરુધ્ધ એફઆઈઆર દાખલ થયેથી તેની કોપી અદાલત સમક્ષ રજૂ કરવા નિર્દેશ કર્યો હતો અને કેસની વધુ સુનાવણી તા.૨૧મીએ રાખી હતી.

## કામરેજ ટોલ પ્લાઝાથી ડ્રાઈવર વાહનોને ઉડાવતો કામરેજ સુધી આવ્યો

# સુરતમાં લકઝરી બસ બની બેફામ : ૭ વાહનોને ઉલાળ્યા : એકનું મોત, ૪ ઘાયલ

**અકસ્માત સર્જનાર બસ કનૈયા ટ્રાવેલ્સની હોવાનું ખુલ્યુ**

સુરત,તા.૧૮

સુરત જિલ્લામાં પસાર થતા નેશનલ હાઈવે પર દિન-પ્રતિદિન અકસ્માતના બનાવો વધી રહ્યા છે. ત્યારે વધુ એક અકસ્માતની ઘટના સામે આવી હતી. નેશનલ હાઈવે ૪૮ પર લક્ઝરી બસ બેફામ બની હતી. કામરેજ ટોલ પ્લાઝાથી ડ્રાઈવર વાહનોને ઉડાવતો કામરેજ સુધી આવ્યો હતો. જેમાં કાર, બાઈક, રિક્ષા સહિતનાં આશરે સાતથી આઠ વાહનોને અડફેટે લીધા



હતા. કામરેજ પાસે અકસ્માત સર્જનાર બસનું નામ કનૈયા ટ્રાવેલ્સ હોવાનું સામે આવ્યું છે. આ બસ ગુંદા, જામનગર થઈ સુરત આવી રહી હતી. સર્જાયેલ અકસ્માતમાં એક - બે લોકોના મોત થયા હોવાની આશંકા હાલ સેવાઈ રહી છે. હાજર લોકોએ ડ્રાઈવરને પોલીસને સોંપ્યો છે. પોલીસ દ્વારા હાલ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અકસ્માત સમયે કામરેજ ચાર રસ્તા પાસે હાજર વ્યક્તિ કેતનભાઈએ જણાવ્યું હતું કે, બસવાળો ફુલઝડપે બ્રેક માર્યા વિના બસ હાંક્યે જાતો હતો. અહીં રસ્તામાં જે ઊભા હતા એને ઉડાવતો ગયો. એક જણાનું મારી સામે જ મોત થયું હતું તેમજ બે મહિલાઓ મારી સામે ઘાયલ થઈ હતી જેમના પગ ભાંગી ગયા છે. મારી ગાડીને ટક્કર મારતો ગયો, હું ભાગી ન શક્યો કેમ કે નજીક આવી ગયા પછી શું થાય. અમે તો ભગવાન ભાળી ગયા હતા.

# સુરત એરપોર્ટ પરથી ૮ નવી ફ્લાઈટ શરૂ થશે

સુરત,તા.૧૮

સુરતને દિવાળીની ભેટ મળી છે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર દિવાળી પછી ૮ નવી ફ્લાઈટ શરૂ થશે. સુરતથી શારજાહ અને દુબઈ ઉપરાંત હવે વિન્ટર શિડ્યૂલમાં ત્રીજી ઈન્ટરનેશનલ ફ્લાઈટ મળવા જઈ રહી છે.

















